
સ્વ. શ્રી મહાદેવભાઈ દેસાઈ જન્મ-શતાબ્દી સમિતિ



GJ
891.478
D 451 C

# અને વિદાય-અભિશાપ

મહાદેવભાઈ દેસાઈ

પ્રકાશક
અમૃતભાઈ મોદી
શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ
ગાંધી સ્મારક સંગ્રહાલય, હરિજન આશ્રમ, અમદાવાદ-૩૮૦ ૦૨૭

© નવજીવન ટ્રસ્ટ

પહેલી આવૃત્તિ, ૧૯૧૫, પ્રત ૭૫૦
સુધારેલી વધારેલી બીજી આવૃત્તિ, ૧૯૨૫
સુધારેલી ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦
પુનર્મુદ્રણ ૧૯૯૧, પ્રત ૨,૦૦૦

130427
16-9-2010

કિંમત પાંચ રૂપિયા

Library IIAS, Shimla
GJ 891.478 D 451 C
00130427

મુદ્રક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

સ્વ. શ્રી મહાદેવભાઈ દેસાઈ જન્મશતાબ્દી સમિતિએ સ્વ. શ્રી મહાદેવભાઈ દેસાઈની જન્મશતાબ્દીના વરસમાં તેમનાં કેટલાંક પુસ્તકોનું પુનર્મુદ્રણ કરી તેને વાચકો માટે સુલભ કરવાનું વિચાર્યું હતું. તે મુજબ 'પ્રાચીન સાહિત્ય', 'ચિત્રાંગદા અને વિદાય-અભિશાપ' અને 'બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ' આ ત્રણ પુસ્તકોનું પુનર્મુદ્રણ સ્વ. શ્રી. મહાદેવભાઈ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. સ્વ શ્રી મહાદેવભાઈની જન્મશતાબ્દી નિમિત્તે 'પ્રાચીન સાહિત્ય'ના પુનર્મુદ્રણ માટે ગૂજરાત વિદ્યાપીઠ તરફથી અને 'ચિત્રાંગદા અને વિદાય-અભિશાપ' તથા 'બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ'ના પુનર્મુદ્રણ માટે નવજીવન ટ્રસ્ટ તરફથી આપવામાં આવેલી પરવાનગી બદલ સ્વ. શ્રી મહાદેવભાઈ જન્મશતાબ્દી સમિતિ તેમનો આભાર માને છે. લાંબી અવધિ બાદ પુનર્મુદ્રિત થતાં આ ત્રણે પુસ્તકો ગુજરાતી વાચકોને સુલભ થાય તે માટે તેની કિંમત અત્યંત વાજબી રાખવામાં આવી છે. અમને આશા છે કે વાચકો તેને આવકારશે.

# પ્રકાશકનું નિવેદન

રવિબાબુ પ્રણીત ચિત્રાંગદાનો અનુવાદ પ્રથમ વાર સને ૧૯૧૫માં પ્રગટ કરવામાં આવ્યો હતો. આખો અનુવાદ ફરી તપાસી જઈ સુધારીને, તથા કચદેવયાની આખ્યાન ઉપરથી રવિબાબુએ લખેલ વિદાય-અભિશાપ તેની સાથે જોડીને બીજી આવૃત્તિ સને ૧૯૨૫માં પ્રગટ કરવામાં આવી. ગદ્ય કદી પૂર્ણ થતું જ નથી એ નિયમ અનુસાર આ ત્રીજી આવૃત્તિમાં પણ થોડા સુધારા કરવામાં આવ્યા છે.

ફેબ્રુઆરી, ૧૯૪૯

# પ્રણયપરાજય

चित्रांगदानो ગુજરાતી અનુવાદ મેં પહેલવહેલો વાંચ્યો ત્યારે તે આવૃત્તિ ખલાસ પણ થઈ ગઈ હતી. અનુવાદકો સાથેનો મારો પરિચય તે વખતે નવેનવો હતો. એક દિવસ પાંચ-છ જણા અમે રવીન્દ્રનાથની આ કોમલ કૃતિની ચર્ચા કરતા હતા. કવિનું મૂળ બંગાળી, તેમનો જ કરેલો અંગ્રેજી અનુવાદ, અને કપાયમધુર શૈલીમાં કરેલો આ ગુજરાતી અનુવાદ ત્રણે અમારી સામે હતાં. ચર્ચાને અંતે શ્રી નરહરિભાઈએ મને પૂછ્યું, 'આની બીજી આવૃત્તિ કાઢીશું, તમે તેને માટે પ્રસ્તાવના લખશો?' ઉત્સાહમાં મેં હા પાડી. તે વખતે મને ગુજરાતી લખતાંયે આવડતું નહોતું અને સુંદર સુંદર ગ્રન્થોને પોતાની પ્રસ્તાવના જોડી દઈ સોંઘી પ્રતિષ્ઠા મેળવવાનો ધંધો પણ શીખ્યો નહોતો. તે વખતના અને આજના વિચારોમાં કેટલુંયે અંતર પડ્યું છે. જમાનો પલટાયો કહું તોપણ ચાલે. પણ મૂળ કરેલો સંકલ્પ કંઈ છોડે? પ્રણયસાહિત્ય આજકાલ ગાડાં ભરી ભરીને તૈયાર થાય છે. સંયમ અને સદભિરુચિની મર્યાદા ઓળંગવામાં અહમહમિકા ચાલી રહી છે. ભોગ અને આનંદ વચ્ચેનો ભેદ જાણે ભૂંસાઈ ગયો છે. એવે સમયે પ્રસ્તાવના લખવા બેઠો છું. જે વખતે આખો દેશ સંજીવની વિદ્યા પ્રાપ્ત કરવાને મથી રહ્યો છે, જે વખતે સાચા જુવાનો કહી રહ્યા છે, 'સંજીવની વિદ્યા આખા દેશને અર્પણ કરીને તેને નૂતન દેવત્વ આપીએ ત્યારે જ અમારું જીવન સાર્થક થશે; અમારું સુખ તે પહેલાં અમે નથી વિચારવાના;' ત્યારે પ્રણય મોહક વાણીમાં કહે છે, 'શું વિદ્યાને માટે જ લોકો દુનિયામાં કષ્ટ વેઠે છે? રમણીને માટે કોઈ નરે મહાતપ કર્યું નથી? હાય, વિદ્યા જ માત્ર દુર્લભ અને પ્રેમ શું આટલો સુલભ! એક તરફ વિદ્યા–સંજીવની વિદ્યા–સ્વરાજ્યવિદ્યા, અને બીજી તરફ પ્રણય આજ બંને એકે દિવસે સ્વીકારને અર્થે આવ્યાં છે. બેમાંથી જે જોઈએ તે પસંદ કરી લો. પ્રણય પણ સહસ્ર વર્ષની સાધનાનું ધન થઈ શકે છે. રહી જાઓ, રહી જાઓ, એમાં શું જાય છે? યશના ગૌરવમાં સુખ નથી. આ વેણુમતી તીરે બીજું બધું ભૂલી આપણાં વિશ્રબ્ધ મુગ્ધ હૈયાં આ નિર્જન વનચ્છાયા સાથે મેળવી

દઈ અભિનવ સ્વર્ગલોક રચીશું. મિત્ર, હવે તું મારી આગળ બંદી થઈ પડચો છે. એ બંધન તોડવાનું નથી તારું ગજું, ઇન્દ્ર હવે તારો ઇન્દ્ર નથી.'

આવો વખત પ્રણયમીમાંસાની ચર્ચા કરવાને અનુકૂળ ગણાય ખરો? પણ પ્રવાહપ્રાપ્ત કાર્ય કર્યે જ છૂટકો.

૧

માણસનો પુરુપાર્થ શો હોવો જોઈએ એ વિપે શાસ્ત્રોએ ગમે તેટલો ઊર્ધ્વબાહુ પોકાર કર્યો હોય તોપણ સનાતન કાળથી માણસે રમણીહૃદયનું સ્વામિત્વ મેળવી ઐહિક અદ્વૈત સાધવામાં જ ઘણી વાર પુરુપાર્થ માનેલો છે. વિશ્વવિધાતાની આદ્ય પ્રેરણા ફરી ફરી દરેક હૃદયમાં પ્રગટે છે અને નવી નવી રીતે સફળ થાય છે. એ પ્રેરણાનું સ્મરણ કરવું, ચિન્તન કરવું, એની મીમાંસા કરવી એ માનવી ચિત્તનો એક અહ્‌લાદજનક વ્યાપાર થઈ પડચો છે. તેથી જ સર્વ દશોમાં અને સર્વ કાળે સમર્થ અને અસમર્થ કવિઓએ આ વિપય પર તેમની શક્તિ અજમાવી છે. ભાપા, રિવાજ અને આદર્શના ભેદને લીધે એક સમાજનું સાહિત્ય બીજો સમાજ સમજી શકતો નથી, પણ પ્રેમની ભાપા સાર્વભૌમ છે. તેથી જ કાલિદાસનું હૃદય ગેટે સમજી શકે છે, અને ગેટેએ કરેલી નાટચમીમાંસા રવીન્દ્રનાથ ઉપયોગમાં આણી શકે છે.

કાલિદાસનું शाकुंतल વાંચી ગેટેએ એક જ સુભાપિતમાં નાટકનું હાર્દ અને પોતાનો આનંદ બતાવી દીધાં છે. એ જ હાર્દ હૃદયસ્થ કરી રવીન્દ્રનાથ ઠાકુરે 'चित्रांगदा' લખ્યું છે. લાવણ્યવતી રમણીને અલંકારની જરૂર ન હોય એ ન્યાયે કવિએ આ નાટકમાં એ હાર્દનો એકમાત્ર રસ જ રાખેલો છે. વિધિનો પ્રકોપ, વિપ્રલંભની વેદના, સંવિધાનકની અદ્‌ભુતતા, પરિસ્થિતિની વિવિધતા, વગેરે કશા સાધનની મદદ લીધી જ નથી. કાલિદાસે 'शाकुंतल'ના સાત અંકમાં જે સાધ્યું તે રવીન્દ્રે चित्रांगदाના એક જ અંકમાં શોભાવ્યું છે. પાર્થિવ સૌન્દર્યના દર્શનથી આકર્પણનો ઉદ્‌ભવ થાય છે. આકર્પણની પરિણતિ આકંઠ વિપયોપભોગમાં થાય છે. આકંઠ વિપયોપભોગ વિપાદનું સ્વરૂપ પકડે છે. વિપાદમાંથી પ્રેમનું દર્શન થાય છે. પ્રેમ સૌન્દર્યનું કવચ ભેદી સત્યને જાણવા ચાહે છે. અને સૌન્દર્યથી ઉત્પન્ન થયેલી ઉત્કંઠા સત્યના સાક્ષાત્કારથી શમી જાય છે.

કવિએ ચિત્રાંગદાને એક નિસર્ગમૂર્તિ રમણી કલ્પેલી છે. તે નથી જાણતી લજ્જા, ભય કે અંતઃપુરવાસ. નથી જાણતી હાવભાવ કે વિલાસચાતુરી. પુરુષવેશે વિહરે છે, રાજકાજ કરે છે, ધનુર્વિદ્યા શીખી છે. માત્ર શીખી નથી નયનકોણેથી મદનનું પુષ્પધનુ ખેંચતાં. ગાઢ વનમાં તે અર્જુનનું દર્શન કરે છે. અર્જુનની અચલ, આત્મસ્થિત મૂર્તિ જોતાં તેને ભાન થાય છે કે એક પુરુષ સામે તે એક સ્ત્રી ઊભી છે. વીર નર સામે વીર રમણી. તે અર્જુન આગળ નિસર્ગસહજ વાત કરે છે. અર્જુન વિરક્ત દશામાં છે. તેણે બ્રહ્મચર્યનું વ્રત લીધું છે. વૈરાગ્યને કામ ચળાવી ન શકે. ખંડિતા નારી સૌન્દર્યની ઉપાસના છે. સૌન્દર્ય આગળ વૈરાગ્ય ક્યાં સુધી ટકે? રવીન્દ્રનાથ વૈરાગ્યના બળને ઝાઝું માન નથી આપતા. તેમની સાધના કઠોર કર્કશ નથી. ફૂલમાંથી ફળ પ્રગટે તેમ સહજ ભોગમાંથી શાન્તિ પ્રાપ્ત થાય એવી મધુર સાધના તેઓ સૂચવે છે. વૈરાગ્યમાં દુનિયાનો નિષેધ છે, અનુભવ નથી; અતૃપ્તિ છે, સમાધાન નથી. તેથી અણી પર ઊભા કરેલા શંકુ જેવી તેની સ્થિતિ છે. દરેક ક્ષણે તેને અધઃપાતની બીક હોય જ.

મદન અને વસન્તની મદદથી રૂપરાશિ બનીને રંભા શુકને કે નારાયણને લલચાવવા જાય, ભીલડી મહાદેવને લલચાવવા જાય, મેનકા વિશ્વામિત્રને લલચાવવા જાય તેમ આ પર્વતકન્યા અર્જુન આગળ જાય છે. અર્જુન પડે છે. પણ ચિત્રાંગદા પસ્તાય છે અને શુદ્ધ પ્રેમથી અર્જુનને ચેતવે છે, કે 'આ હું નથી, હું નથી. મિથ્યાની ન કરો ઉપાસના. તમારું શૌર્ય, વીર્ય, મહત્ત્વ મિથ્યા વસ્તુને પદે ન ધરો. જાઓ પાછા ફરો.' પણ રૂપહુતાશન ભભૂકી ઊઠે છે, બળે છે અને બાળે છે.

ચિત્રાંગદા જુએ છે કે આ બધું શાપરૂપ છે; 'એની કાયા જ જાણે એની સપત્ની થઈ છે.' સાચો પ્રેમ, પ્રેમ કરનારને કે પ્રિય વસ્તુને અપમાનિત ન જ કરે; પછી છેતરે ક્યાંથી? અર્જુન તો મોહાન્ધ છે, પણ ચિત્રાંગદા જાણે છે કે આ માયામાંથી સત્ય પ્રગટ કરવાનું છે, અનિત્ય અને ઉછીના સૌન્દર્યમાંથી સ્થાયી પ્રેમનો સંભવ સાધવાનો છે. એટલે ક્રમે ક્રમે તે અર્જુનને જાગ્રત કરે છે. આનંદચંચલ દિવસો પૂરા થાય તે પહેલાં, હર્ષઅચેતન વર્ષની અવધિ આવે તે પહેલાં અર્જુન અસ્વસ્થ બને છે. તેની મૃગયાવૃત્તિ જાગે છે. ચિત્રાંગદા સમો પારખી અર્જુન આગળ એક નવો આદર્શ મૂકે છે.

'ત્રિરાત્રિની ક્રીડાસહચરી દિવસની કાર્યસહચરી થાય, વામ બાહુ સમ દક્ષિણ બાહુની સતત અનુચરી થઈ રહે', એ તે આદર્શ. અર્જુન પણ જુએ છે કે અંગહીન, શબ્દહીન પ્રેમ પ્રતિક્ષણે તેના અંતરમાં પરિતાપ જગાવે છે. તે બોલી ઊઠે છે, 'તેજસ્વિની, તારો કંઈક પરિચય મહીંમહીં તારી વાતોમાંથી મને મળે છે. તેના આગળ તારો આ સૌન્દર્યરાશિ મને કેવળ માટીની મૂર્તિ લાગે છે, કોઈ નિપુણ ચિત્રકારે ચીતરેલી જવનિકા લાગે છે.' અધીરો થઈ તે સત્યને અપટીક્ષેપ કરી બહાર આવવા વીનવે છે. ભૂપણની ઉપાધિરહિત એવા શુદ્ધ સત્યને માટે અંતરમાં અને બહાર પ્રકાશ પાડતા સત્યને માટે તે તલસે છે. 'ક્યાં છે તારું સત્ય? આપ મને તે સત્ય. મારામાં જે સત્ય હોય તે તું લે. ખરું મિલન તો ત્યારે જ થશે; ચિરકાલીન, શ્રાંતિહીન.' જે Naked Poverty (શોભાશૂન્યતા)થી ચિત્રાંગદા શરમાતી હતી તેને જ અર્જુન અકૃત્રિમ શોભા Naked Dignity તરીકે ઓળખવા લાગ્યો, તેને માટે તલસવા લાગ્યો. તાપક્લિષ્ટ લાવણ્યની પાંખડી આપોઆપ ખરી પડી, અને વીરરમણી પોતાના ખરા ગૌરવમાં પ્રગટ થઈ. યૌવનઉત્સવ સમાપ્ત થયો અને ચિત્રાર્જુનને નૂતન સૌભાગ્ય પ્રાપ્ત થયું.

૨

આપણા સાહિત્યમાં સ્ત્રીઓના અનેક આદર્શો ચીતરેલા છે. સતીથી માંડીને વસંતસેના સુધી ત્રણે સપ્તકના સૂર સંભળાય છે. સીતા જુદી, દમયંતી જુદી, સાવિત્રી જુદી, દ્રૌપદી જુદી, ઊર્મિલા જુદી, ગાંધારી જુદી, હરિશ્ચંદ્રની તારામતી જુદી, મદાલસા જુદી, અને ચુડાલા જુદી. સંન્યાસી પિતા પાસે વારસો માગવા પોતાના દીકરાને મોકલનાર યશોધરા જુદી. અમૃતત્વની જ ઇચ્છા રાખનાર મૈત્રેયી જુદી. બુદ્ધશિષ્યા જુલમાતા પણ એક સ્વતંત્ર આદર્શ છે: મંદોદરી, વિદુલા અને નજીકના જમાનામાં આવીએ તો મીરાં, મુક્તાબાઈ, તુલસીદાસની સ્ત્રી, જસવંતસિંગની સ્ત્રી અને અહલ્યાબાઈ – ગમે તેટલા આદર્શો – સ્વતંત્ર અવનવા આદર્શો અપણે ત્યાં પડેલા છે. રવીન્દ્રનાથે મહાભારતમાંથી ચિત્રાંગદાનો ઉદ્ધાર કરી એક ગૌરવાન્વિત તેમ જ રસિકપ્રિય એવો આદર્શ આપણી આગળ ઊભો કર્યો છે.

ભગવાન ઉમાપતિના મહાવરને પણ વ્યર્થ કરી પ્રભંજનના વંશમાં ચિત્રાંગદા પ્રથમ કન્યા જન્મી. 'તારા વંશમાં કદી કન્યા નહીં જન્મે' એવા અમોઘ

દેવવાક્યને પણ અભિભૂત કરી આ અબળાએ જન્મ લીધો. પિતાએ નાનપણથી તેને પુરુષવેશ આપ્યો, ક્ષાત્રોચિત કેળવણી આપી. પ્રજાને તો ચિત્રાંગદા માતા અને પિતા બંને હતી. સ્નેહમાં રાજમાતા ને શૌર્યમાં યુવરાજ. તે માનતી 'પોતાના જ ભુજબળે અર્જુનની કીર્તિ ઝાંખી કરીશ, અમોઘ લક્ષ્ય સાધીશ, પુરુષના કપટવેશમાં અર્જુન પાસે યુદ્ધ માગી તેમને મારા વીરત્વનો પરિચય આપીશ.' પણ મહાદેવના વરનું જ્યાં કંઈ ચાલ્યું નહીં ત્યાં પુરુષવેશ અને મણિપુરના રાજ્યનું મૃગયાશીલતાનું ક્યાં સુધી ચાલવાનું હતું? અભિમાની ચિત્રાંગદા. ખંડિતા થઈને કહે છે, 'આટલા દિવસે મને જણાયું કે સ્ત્રી થઈ પુરુષનું મન ન જીતી શકી તો બધી વિદ્યા વૃથા છે. અબળાના મૃણાલશા કોમળ બાહુ આ કઠિન સબળ બાહુના કરતાં શતગણા બળવાન છે. ધન્ય છે તે મૂર્ખ, મુગ્ધ, ક્ષીણ તનુલતાને, જે બીજાને અવલંબીને રહે છે! ધન્ય છે તે લજ્જાળુ અવનતાંગી સામાન્ય લલનાને, જેના ભીરુ નેત્રપાત આગળ સમસ્ત વીર્યબળ અને કંઈ કંઈ તપસ્યાનાં તેજ પરાભવ માને છે!' જાણે કલ્પતરુ નીચે બેઠી હોય તેમ તેની એ ઇચ્છા સફળ થઈ.

કલ્પના તૃપ્ત ન થાય ત્યાં સુધી જ તે મીઠી લાગે છે. માયાલાવણ્યના વિજયથી તે પરાજિત થઈ, અને તેણે રમણીહૃદયનો પવિત્ર વિજય મેળવવાનો નવો સંકલ્પ કર્યો. અર્જુનને તે સમજાવે છે કે 'સૌંદર્યપુષ્પ નામ, ધામ, ગોત્ર, ગૃહ, દેહ, મન, વાચા જેવાં સહસ્ર માનવબંધનોમાં બંધાય એમ નથી. તે કેવળ મેઘની સુવર્ણપ્રભારૂપ, કુસુમની ગંધરૂપ, તરંગની લીલારૂપ હોય છે.' તેમાં સત્ય ન હોય. અર્જુન જ્યારે તે સત્યને ચાહે છે ત્યારે ચિત્રાંગદા કટાક્ષથી કહે છે, 'સ્ત્રી જ્યારે કેવળ સ્ત્રી હોય, કેવળ ધરણીની શોભારૂપ, કેવળ પ્રકાશરૂપ, કેવળ સ્નેહરૂપ હોય, અનેક સુમધુર વિભ્રમ અને નાના પ્રકારનાં લાડ કરતી ક્ષણેક્ષણે ઢળે, વળગે, વીંટળાય, હસે, રડે, સેવા અને સ્નેહની શીળી છાંય છાઈ સદાય જોઈ રહે તો જ તેનો જન્મ સાર્થક છે. તેને કીર્તિ, વીર્ય, પાંડિત્ય શા ખપનાં છે? ... હાય હાય, સ્ત્રીના સૌન્દર્ય પર આજ એટલી બધી અરુચિ થઈ ગઈ છે કે સ્ત્રીમાં પૌરુષનો સ્વાદ શોધવા નીકળ્યા છો! રાત્રિની ક્રીડાસહચરી દિવસની કાર્યસહચરી થાય, વામ બાહુ સમ દક્ષિણ બાહુની સતત અનુચરી થઈ

રહે તો શું તે આપના વીર હૃદયને રુચશે?' આખરે અર્જુન જ્યારે ચિત્રાંગદા પાસે તેનું ભૂષણની ઉપાધિરહિત શુદ્ધ સત્ય માગે છે ત્યારે તે પોતાનું અક્ષય, અમર રમણીહૃદય અર્પણ કરે છે અને કહે છે, 'હું ચિત્રાંગદા છું. નથી હું દેવી કે નથી કોઈ સામાન્યા. પૂજા કરી માથે ધરી રાખો તેવીયે હું નથી, તેમ અવગણના કરી પછી માત્ર તેનું ભરણપોષણ કર્યા કરો તેમાંનીયે હું નથી. સંકટના પંથમાં મને આપની પાસે રાખો. આપની ગૂઢ ચિંતામાં મને ભાગ લેવા દો. આપના કઠિન વ્રતમાં સહાય થવા મને અનુમતિ આપો. આપના સુખદુઃખની મને સાથી બનાવો. ત્યારે જ આપને મારો પરિચય થશે. આપના જે સંતાનને હું ગર્ભમાં ધારણ કરી રહી છું તેને બાળપણથી જ વીરશિક્ષણ આપી તેને બીજો અર્જુન બનાવી એક દિન તેના પિતાને ચરણે ધરીશ ત્યારે જ મને ઓળખી શકશો.'

આટલા જ શબ્દોમાં સહધર્મચારિણીની પ્રતિષ્ઠા તથા કર્તવ્યનો કવિએ અતિ સુંદર ખ્યાલ આપ્યો છે.

આવી રીતે એક અત્યંત નાનકડી વસ્તુમાંથી કવિએ પોતાની પ્રતિભાને બળે બે કાર્યો સાધ્યાં છે: ગેટેએ શાકુંતલમાં જોયેલા પ્રેમવિકાસના ક્રમનો એક સુંદર નમૂનો બતાવવાનું એ એક, બીજું સ્ત્રીસ્વાતંત્ર્ય અને સ્ત્રીગૌરવનો એક નૂતન પણ આર્ય આદર્શ નિર્માણ કરવાનું. 'મોહમય હોઈ જે પ્રેમ અકૃતાર્થ છે તે જ પ્રેમ મંગલમય થઈ કૃતાર્થ બને છે. સૌંદર્યને સંયત રાખનાર ધર્મભાવના જ અચળ છે. અને પ્રેમનું શાંત, સંયત, કલ્યાણરૂપ જ શ્રેષ્ઠ રૂપ છે. સંયમમાં જ સૌંદર્યની યથાર્થ શ્રી છે, અને ઉચ્છૃંખલતામાં તેની વિકૃતિ થાય છે. પ્રેમ એ જ પ્રેમનું અંતિમ સાર્થક્ય નથી. મંગલ જ પ્રેમનું પરમ લક્ષ્ય છે. પ્રેમ જો વંધ્ય હોય, પોતામાં જ પર્યાપ્ત થઈ રહે, અને કલ્યાણને જન્મદાન ન દે, તથા સંસારમાં, પુત્રપુત્રીમાં અને અતિથિ તેમ પડપડોશીઓમાં વિચિત્ર સૌભાગ્યરૂપે વ્યાપ્ત ન થાય તો તે સુંદર નથી, સ્થાયી નથી.'

રવીન્દ્રનાથે ચિત્રાંગદાને ચીતરી એ પણ બતાવ્યું છે કે સ્ત્રી કુટુંબની કે સમાજની ચિંતાઓ માથે લે, પુરુષાર્થમાં પોતાનો ભાગ માગી લે, પોતાનો જીવનવ્યાપાર સ્વેચ્છાએ નિયંત્રિત કરે તોપણ સ્ત્રીનું હૃદય સ્ત્રીહૃદય જ રહેવાનું, બલકે વધારે ઉન્નત અને રમણીય થવાનું. સ્ત્રીસ્વાતંત્ર્યથી સ્ત્રીની કોમળતા,

ભાવપરાયણતા અને પવિત્રતા ઓછી થવાને બદલે સત્ય અને સંપૂર્ણ થવાની.

વૈરાગ્ય વિષેની રવીન્દ્રનાથની ફિલસૂફી આજના જમાનાને ચાહે તેટલી મધુર લાગે તોપણ તે યથાર્થ છે એવી પ્રીતીતિ નથી થતી. ઐહિક દષ્ટિએ જીવન સમૃદ્ધ કરવું હોય, પ્રવૃત્તિનું સમાધાન મેળવવું હોય તો વૈરાગ્યનો રસ્તો કામનો નથી. ત્યાં તો ભુક્તિ અને મુક્તિનો સમન્વય બોધનાર તન્ત્રમાર્ગ જ સેવ્ય છે. એથી ઊલટું આત્મવિજય, આત્મસાક્ષાત્કાર અને અખંડ શાંતિના ભૂખ્યા માણસને સર્વધર્મના સાધુઓએ ઉપદેશેલો ઇંદ્રિયનિગ્રહનો – વૈરાગ્યનો માર્ગ જ ગ્રહણ કર્યે છૂટકો છે. અપ્રતિમ સૌંદર્ય આગળ જ્યારે વૈરાગ્ય પરાભૂત થાય છે ત્યારે આત્મા પણ સંકુચિત થાય છે અને વિશ્વમાંગલ્યને આઘાત પહોંચે છે, એ સનાતન સત્ય મિથ્યા કરી બતાવનાર સાધના હજી લગી તો યોજાઈ નથી.

૩

विदाय-अभिशाप એ કંઈ અપૂર્વ વાર્તા નથી. દ્યાવાપૃથિવીના આકર્ષણની પેઠે નરનારીનું આકર્ષણ હંમેશનું છે. પણ લજ્જાનું પાવિત્ર્ય પણ તેની સાથે હોય જ છે. આત્મગૌરવનો ખ્યાલ કોરે મૂકી પુષ્પધન્વાના શરથી અભિભૂત થયાનો એકરાર પ્રથમ કોણ કરે (Who shall propose first?) પ્રણયશાસ્ત્રમાં એક મોટો મહત્ત્વનો સવાલ હોય છે. યુરોપિયન આદર્શ કહે છે: 'સ્ત્રી તો માનિની જ હોય, હમેશાં આત્મસ્થિત હોય. તે ભાન ભૂલે તો તેની પ્રતિષ્ઠા ક્યાં રહી? પુરુષ જ પ્રથમ તેનો અનુનય કરે. શરીરે અબલા, જીવને આશ્રિત, હૃદયે કોમળ એવી સ્ત્રીજાતિએ પોતાનું લજ્જાનું કવચ અંત લગી સાચવી જ રાખવું જ જોઈએ. ભક્તની જેમ પુરુષ તેની આરાધના કર્યા જ કરે. અન્તે ભક્તિથી સંતુષ્ટ થઈ પ્રણયદાન કરે તો તે પ્રસાદરૂપે જ. એમાં જ નરનારીની પ્રતિષ્ઠા રહેલી છે.' આ આદર્શ યોગ્ય નથી એમ કોણ કહી શકે? આપણો આદર્શ પણ નારીપ્રતિષ્ઠા પર જ રચાયેલો છે. સ્ત્રી એ પવિત્ર મૂર્તિ. તેના તરફ વાસનાની દષ્ટિએ જોવાય જ કેમ? અનુનય, ભક્તિ, આરાધના એ બધું ઠીક છે, પણ સ્ત્રીની અનુકૂળતા વગર તે શુદ્ધ અપમાન જ છે. સંયમપૂર્વક બધી આરાધના દબાવ્યે જ છૂટકો. પોતાની પાત્રતાની ખાતરી થાય નહીં ત્યાં સુધી તે સ્પર્શક્ષમ રત્ન નથી પણ દાહાત્મક અગ્નિ જ છે. પુરુષ સંયમ છોડે તો

નારીપૂજાના ધર્મમાંથી તે ભ્રષ્ટ થાય. પુરુષને તો માત્ર માનસિક પૂજા કરવાનો જ અધિકાર. સ્ત્રીનો પ્રેમ ઉપનિષદના આત્માની પેઠે यमेवैष वृणुते तेन लभ्यः, तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम्.

બે વ્યક્તિના સંબંધમાં જ્યારે વરપક્ષ અને ગૌણપક્ષ, શ્રેષ્ઠ અને કનિષ્ઠ એવો ભેદ હોય છે ત્યારે ગૌણપક્ષે આત્મગૌરવ સાચવવું એમાં જ ઔચિત્ય રહેલું છે. સ્ત્રીને અબળા ગણી તેને પુરુષના દાક્ષિણ્યની અધિકારી બનાવવામાં તેના પ્રત્યે એક પ્રકારની અનુકંપા હોય છે. આ માન્યતામાં સ્ત્રીઓ પ્રત્યેનો વિવેક સચવાય છે. પણ સ્ત્રીનો પક્ષ ગૌણ છે એ સિદ્ધાંત પર તે રચાયેલો હોય છે. બીજી બાજુ સ્ત્રીને પ્રણયપ્રાર્થનાની છૂટ રાખવામાં સ્ત્રીને સ્વતંત્ર અને શક્તિરૂપિણી ગણેલી હોય છે. શેક્સપિયરની જુલિયટ એકાંતમાં રોમિયો વિષેની તેની ઉત્કંઠા બોલી જાય છે, અને રોમિયોએ તે સાંભળી છે એમ જાણતાં જ લજ્જાથી સંકુચિત થઈ જાય છે. એથી ઊલટું, કાલિદાસની શકુંતલા પ્રણયદગ્ધ થઈ तव न जाने हृदयम्વાળો નિર્વ્યાજ શ્લોક પોતાને હાથે લખી દુષ્યંત પર મોકલે છે અને રાજા જ્યારે આતુર થાય છે ત્યારે पौरव रक्ष विनयम् કહી તેને તેની મર્યાદાનું પણ ભાન કરાવે છે.

પણ આ બધા વિવેકનો વિચાર સમાજમાં સંસ્કૃતિ અને કૃત્રિમતા આવ્યા પછી જ કરવો પડે છે. સમાજની નિસર્ગમુગ્ધાવસ્થામાં પ્રકૃતિનું આકર્ષણ અને નીતિનું બંધન એ બે જ વસ્તુ પ્રેરક કે નિયામક હોય છે. કચદેવયાનીનો પુરાણપ્રસિદ્ધ સંવાદ એ જમાનાનો એક વિશિષ્ટ નમૂનો છે. મને લાગે છે આ સંવાદનું મૂળ છેક ઋગ્વેદમાં આવેલા યમયમી સંવાદમાં છે. મહાભારતકારે અસાધારણ કળા વાપરી દેવયાનીને કચની ગુરુભગિની બનાવેલી છે અને કચને જીવિતદાન જેવા ઉપકાર તળે કચરાયેલો બતાવ્યો છે. માનસશાસ્ત્રના ઊંડા અભ્યાસીઓ જાણે છે કે ઉપકૃત વ્યક્તિ બદ્ધ હોઈ તેનો સ્નેહ સકારણ હોય છે, પણ ઉપકારી વ્યક્તિ ઉપકારની ક્રિયા દ્વારા જ જે સ્નેહ કેળવે છે તે અકારણ, સંકોચરહિત અને શ્રેષ્ઠ હોય છે. विदाय अभिशापમાં દેવયાનીનો આવી રીતે વરપક્ષ છે, અને તેથી પ્રણય પ્રગટ કરવામાં તેને માનહાનિ જેવું કશું જણાતું નથી. દેવયાની એટલી તો નિર્વ્યાજ છે કે માનઅપમાનનો વિચાર સરખો પણ તેના હૃદયને સ્પર્શતો નહીં હોય. છતાં રવીન્દ્રનાથે અત્યંત પ્રૌઢતાથી દેવયાનીને મુખે તેનો પ્રણય પ્રગટ કરાવ્યો

છે. પ્રથમ આશા, પછી સંયત પરિસ્ફોટ, ત્યાર પછી આશંકા. પછી નિરાશા અને અન્તે પ્રેમની વિકૃતિરૂપ અભિશાપ એ આખો ક્રમ કેટલો કાવ્યમય અને હૃદયને હલાવનારો છે! કચના હૃદયમાં તો શુદ્ધ સ્નેહ જ છે. તેની પાપભીરુતા અને ધર્મપરાયણતા એટલી બધી જાગરૂક છે કે સ્નેહની પરિણતિ સ્નેહમાં જ થાય છે, તેનું રૂપાંતર થતું જ નથી. કચ કહે છે:

यत्रोषितं विशालाक्षि त्वया चन्दनिभानने ।
तत्राहमुषितो भद्रे कुक्षौ काव्यस्य भामिनि* ॥

'હે સુંદરી, જે કુક્ષિમાંથી તું જન્મી છે તે કુક્ષિમાં હું સૂતો છું.' નિયતિનો અટલ સિદ્ધાંત સર્વત્ર ચરિતાર્થ કરી બતાવવાની ઉત્સુકતાવાળા મહાભારતકાર કરતાં રવીન્દ્રનાથે વધારે ઔચિત્ય બતાવી કચના મોઢામાં શાપનું વચન મૂક્યું નથી. ઊલટો આશીર્વાદ જ મૂકેલો છે. ખંડિતા દેવયાનીનું અદષ્ટ જ ભારે વિચિત્ર લાગે છે. કચના પ્રસંગમાં જેમ તેને દુઃખી થવું પડ્યું તેમ યયાતિ અને શર્મિષ્ઠાના પ્રસંગમાં પણ તેને વેઠવું જ પડ્યું છે.

પ્રણયના આવા પ્રસંગો આપણા સાહિત્યમાં પાર વગરના છે. અને દરેક ઠેકાણે ધર્મબુદ્ધિ, પ્રણયશક્તિ અને અદષ્ટ અથવા નિયતિ આ ત્રણેનું સંમિશ્રણ જુદી જુદી રીતે ફળીભૂત થયું છે. આમાં કેટલાયે પ્રકાર છે જુઓ. એક છેડે રાવણ સીતાનો અનુનય કરે છે, જ્યારે બીજે છેડે દુષ્યંત શકુંતલાને પોતાની કરે છે. પાંડુ રાવણ જેટલો પણ સંયમ નહીં રાખી શકવાથી માદ્રી સાથે મોતને ભેટે છે, જ્યારે અર્જુન તેનું દ્વાદશવાર્ષિક વ્રત તોડીને ચિત્રાંગદાનો સ્વીકાર કરવામાં જ કૃતાર્થ થઈ જાય છે. રંભા જેવી સ્વર્ગીય અપ્સરા સામે જ્યાં શુક અસ્પૃષ્ટ રહી શકે છે ત્યાં ઋષ્યશૃંગ અજ્ઞાનતા પર રચાયેલી પવિત્રતા કેટલી અરક્ષિત છે એનો દાખલો આપે છે. શૂર્પણખાના રામ સાથેના પ્રણયથી આપણને હસવું આવે છે. જ્યારે સાવિત્રીની સત્યનિષ્ઠા આર્ય સ્ત્રીઓ માટે સનાતન આદર્શ થઈ બેઠી છે. ચંદ્રસેનાનો રામચંદ્ર વિષેનો અનુરાગ કૃષ્ણાવતારમાં વૃંદાનું રૂપ ધારણ કરે છે એનું આ સ્થાને સ્મરણ થાય છે, પણ તે સ્મરણ ન થયું હોત તો સારું એમ જ મનમાં થઈ આવે છે. અર્જુન ચિત્રાંગદાને વશ થાય છે, પણ ઉર્વશી આગળ બૃહસ્પતિપુત્રની

* મ૦ ભા૦, આદિપર્વ, અધ્યા-૭૧, શ્લો. ૧૩.

પેઠે ધર્મધીર રહે છે અને પાપ કરવા કરતાં વીરને અસહ્ય એવો શાપ જ પસંદ કરે છે. जगतः पितरौ એવાં શિવપાર્વતીનો અથવા શ્રીકૃષ્ણરુક્મિણીનો પ્રણય પણ આપણા કવિઓએ અનેક રીતે ગાયો છે, અને તે રીતે પ્રણયમીમાંસા સમૃદ્ધ કરી છે. માદ્રી અને પાંડુનો પ્રસંગ જેટલો કરુણ છે તેટલો જ યુદ્ધે ચઢતા પહેલાં વિષય કરનાર ઉત્તરાપતિ અભિમન્યુનો પ્રસંગ પણ હૃદયભેદક છે. કચ અને દેવયાનીનો સંવાદ વાંચતાં ભીષ્મ અને અંબાનું આખ્યાન ધ્યાનમાં આવ્યા વિના રહે ખરું? અને પ્રેમાનંદના વાચકો તપતી અને સંવરણને કેમ ભૂલે? એ પણ વેદકાળની જ વાર્તા છે ને! પ્રણયનો મહિમા અપાર છે, તેની શક્તિ અદમ્ય છે, તેથી જ તેના પર વિજય મેળવનાર માણસ સર્વ દેશોમાં વીરોત્તમ ગણાયો છે. ટેનિસનનો લેન્સલોટ એક છેડો છે, અને સર ગેલેહેડ બીજો છેડો છે.

પણ આપણે પ્રણયપ્રસંગનું પરીક્ષણ છોડી દઈ કચદેવયાનીના સંવાદ તરફ વળીએ. કચ આગળ તો મુખ્ય સવાલ ધર્મનો જ છે. તે નહીં સમજવાથી દેવયાની અનેક રીતે સમજાવવાનો પ્રયત્ન કરે છે. પ્રણય કેટલી મોહક દલીલો વાપરી શકે છે એનું એ એક અસાધારણ પ્રદર્શન છે. આજકાલના વિલાસચતુર યુગમાં યુવકવર્ગ આ સંવાદનું સૂક્ષ્મ નિરીક્ષણ કરે એ બહુ જરૂરનું છે. દેવયાની જ્યાં પ્રેમની વાત કરે છે ત્યાં તેના મનમાં પ્રણય જ રમી રહ્યો છે. કચ તો પ્રેમ અથવા સ્નેહને બેવફા નીવડ્યો જ નથી. તેથી જ તે આખર સુધી પોતાની શુભ ભાવના ટકાવી શક્યો છે. પ્રણય એ એક વિકાર છે, તેથી જ તે અવિકારી રહ્યો નથી. પ્રણય પુરુષાર્થને હણવા જાય છે, કૃતજ્ઞતાને નીરસ ઠરાવે છે, યશને ઉતારી પાડે છે, રમણી આગળ વિદ્યાને તુચ્છ ગણે છે અને આખી દુનિયાને અસત્ય માની 'આપણે બે' સ્વૈરવિહાર કરીશું એવી લાલચ પાથરે છે. નિષ્પાપ કચે દેવયાનીને ગાયન, વાદન અને નૃત્યના જે પાઠ આપ્યા હતા તેનો આ ફાલ જોઈ તેને તો તે લલિતકળા પ્રત્યે તિરસ્કાર જ ઊપજ્યો હશે.

'આપણે બે'! હાય! આ શબ્દદ્વયમાં પ્રણયની સંપૂર્ણ સંકુચિતતા સમાયેલી છે. બેને બાદ કરતાં બાકીની તમામ દુનિયાને માયારૂપ ગણનાર કામવિકારની માયાજાળ જીવનનું સાર્થક્ય કેમ મેળવી શકે? તે માંગલ્યની દ્રોહી છે અને તેથી જ અપ્રતિષ્ઠિત છે.

પ્રેમ અથવા સ્નેહ અને પ્રણય વચ્ચેનો ભેદ સમજાવો જોઈએ. પ્રેમ અનંત છે, પ્રણય પરિમિત છે. પ્રેમની પરિણતિ આત્મોત્સર્ગ અને આત્મૌપમ્યમાં છે; પ્રણયની પરિણતિ, પરિણામ ઇન્દ્રિયતૃપ્તિ અને ગ્લાનિમાં છે. પ્રણયની પેઠે પ્રેમ પુરુષાર્થને હણે નહીં, યશને મલિન કરે નહીં અને 'આપણે બે'ની સંકુચિતતા ધારણ કરે નહીં. પ્રણયમાંથી જે મુક્ત થાય તે જ પ્રેમને ઓળખી શકે છે. પ્રેમ 'વજ્રાદપિ કઠોર' થઈ શકે છે અને 'કુસુમાદપિ મૃદુ' પણ બની શકે છે. પ્રેમમાં નિત્યગૌરવ છે. પ્રણય મોહક છે, સ્વાભાવિક છે, વ્યાપક છે, પણ તારક કે પોષક તો નથી જ. પ્રણયને તેને પોતાને સ્થાને રહેવા દઈએ એમાં જ શ્રેય છે. પ્રણયના વિકાસની દૃષ્ટિએ વિચાર કરતાં પણ સંયમમાં જ તેનું પોષણ છે અને શુદ્ધીકરણ છે.

આજકાલ પ્રેમને નામે પ્રણયનો જ પ્રચાર સર્વત્ર થતો દેખાય છે. કેટલાક ઉન્મત્ત લોકો તો પ્રણયને લોકોત્તર સદ્‌ગુણ તરીકે ઓળખાવતાં પણ અચકાતા નથી. ધર્મની મર્યાદા પ્રણયને પોષક છે અને અંતે પ્રણયનું રૂપાંતર પ્રેમમાં કરવામાં મદદગાર હોય છે એટલું પણ તેઓ ધ્યાનમાં રાખતા નથી અથવા કબૂલ કરતા નથી, અને દુનિયાને પોતાના અધઃપાતની દીક્ષા દેવામાં ભારે સમાજસેવા માને છે. નીતિબાહ્ય પ્રણયનું કીર્તન કરતાં તેમને એટલો તો રસ છૂટે છે કે અનીતિના આચાર્ય પણ એટલો ઉત્સાહ બતાવે નહીં. એવા લોકો પ્રેમના તો દ્રોહી છે જ, પણ પ્રણયના પણ દ્રોહી હોય છે, અને મનુષ્યજીવનને પશુજીવન કરતાંયે નીરસ અને નિર્વીર્ય કરી મૂકવામાં સફળતા મેળવે છે. રવીન્દ્રનાથ જેવા સમર્થ કવિઓએ દીપાવેલા વિષયો છેડવા એ સહેલ વાત છે, પણ તેમનો સંયમ, તેમની મર્યાદા અને તેમનું ગાંભીર્ય લાવવા માટે તેમની ધર્મપરાયણતા, પવિત્ર રસિકતા અને દિવ્ય દૃષ્ટિની જરૂર છે.

**દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

# ચિત્રાંગદા

## અનંગ આશ્રમ

## ચિત્રાંગદા, મદન અને વસન્ત

चित्रांगदा – તમે પંચશર?

मदन – તે જ મનસિજ હું; નરનારીનાં હૈયાં દુઃખ અને સુખનાં બંધને બાંધું છું.

चित्रांगदा – તે વ્યથા અને તે બંધન જાણે છે તમારી દાસી, પ્રણમું છું, તંમારા ચરણે – (વસન્ત પ્રતિ) તમે કોણ, દેવ?

वसन्त – હું ઋતુરાજ વસન્ત. જરા અને મૃત્યુ, બે દૈત્ય, ક્ષણેક્ષણ જગતને હાડપિંજર બનાવવા મથી રહ્યાં છે; હું તેમની પાછળ ને પાછળ ફરું છું અને પદે પદે તેમના ઉપર આક્રમણ કરું છું; રાતદિવસ આ સંગ્રામ ચાલી રહ્યો છે. હું છું વિશ્વનું અનંત યૌવન.

चित्रांगदा – પ્રણામ તમને, ભગવન્. દેવનાં દર્શને દાસી કૃતાર્થ થઈ.

मदन – કલ્યાણિ, તારું આ કઠોર વ્રત શાને? તારા યૌવનકુસુમને તપસ્યાના તાપથી કરમાવી મલિન કેમ કરી નાખે છે? અનંગની પૂજામાં ન હોય આવાં વિધાન. તમે કોણ છો, ભદ્રે? શી યાચના તમારી છે?

चित्रांगदा – કૃપા કરીને સાંભળો મારો ઇતિહાસ. પછી જણાવીશ મારી પ્રાર્થના.

मदन – સાંભળવા ઉત્સુક જ છું.

चित्रांगदा – હું ચિત્રાંગદા – મણિપુરના રાજાની કુંવરી. તપથી સંતુષ્ટ થઈ, ભગવાન ઉમાપતિએ મારા એક પૂર્વજને વરદાન આપ્યું હતું કે: "તારા વંશમાં કદી કન્યા નહીં જન્મે." મેં એ મહાવર વ્યર્થ કર્યો છે. અમોઘ દેવવાક્ય મારી માતાના ગર્ભમાં પેસી, તેમાં રહેલા મારા દુર્બળ કણને શૈવતેજના બળે કરીને પણ પુરુપ બનાવી શક્યું નહીં. એવી કઠણ નારી હું છું.

मदन – હા, મેં સાંભળ્યું છે ખરું; તેથી જ તારા પિતાએ તને પુત્રની રીતે ઉછેરી છે. તને ધનુર્વિદ્યા શીખવી છે અને રાજકાજમાં પારંગત કરી છે.

चित्रांगदा – તેથી જ હું પુરુષવેશે, યુવરાજરૂપે, રાજકાજ કરું છું, અને યથેચ્છ ફરું છું. નથી જાણતી હું લજ્જા, ભય કે અંતઃપુરવાસ; નથી જાણતી હું હાવભાવ કે વિલાસચાતુરી; ધનુર્વિદ્યા શીખી છું, માત્ર શીખી નથી, દેવ, નયનકોણેથી આપનું પુષ્પધનુ ખેંચતાં.

वसन्त – સુનયને, એ વિદ્યા શીખવી નથી પડતી કોઈ નારીને; નયન પોતાનું કામ પોતાની મેળે જ કરે છે. હૈયાના ઘાયલ જ એ તો જાણે.

चित्रांगदा – એક દિવસ શિકારની શોધમાં હું પૂર્ણાનદીને તીરે ગાઢ વનમાં જઈ ચઢી. ઝાડના થડે મારો ઘોડો બાંધીને, હરણની પદપંક્તિ અનુસરતી, હું એક દુર્ગમ, કુટિલ વનપથે પડી. તમરાંના ઘેરા નાદથી મુખરિત, નિત્ય અંધકારમય, લતાગુલ્મથી ગહન, ગંભીર, મહા અરણ્યમાં થોડે દૂર ગઈ એટલે, સાંકડો રસ્તો રોકીને સૂઈ રહેલો, ચીંથરેહાલ, મેલોઘેલો એક પુરુષ એકાએક મારી નજરે પડ્યો. મેં તિરસ્કારથી તેને ખસી જવાનું કહ્યું. તે ખસ્યો નહીં, તેમ પાછું ફરીને જોયુંયે નહીં. ધીરજ ન રહી, અને ઉદ્ધત રોપે ધનુપની અણી મેં તેને ઘોંચી; – સીધાં, મોટાં ગાત્રવાળો તે એક ક્ષણમાં તીરવેગે ઊઠી મારી સામે ઊભો રહ્યો, – ભસ્મસુપ્ત અગ્નિ, ઘૃતાહુતિ મળ્યે, આંખના પલકારામાં ભભૂકી ઊઠે તેમ. માત્ર ક્ષણભર મારા સામું જોયું, – રોપદૃષ્ટિ એક પલકમાં ગળી ગઈ. તેના અધર ઉપર છાના કૌતુકની મૃદુ હાસ્યરેખા નાચી રહી, – હું માનું છું કે મારી બાલક-મૂર્તિ જોઈને.

પુરુપની વિદ્યા શીખી, પુરુપનો વેશ પહેરી, પુરુપની સાથે રહી, આટલા દિવસ મને વિસ્મરણ થયું હતું કે હું સ્ત્રી છું; તે વાતનું, તે મુખ જોતાં, અચલ આત્મસ્થિત તે મૂર્તિ જોતાં, તત્ક્ષણ મને ભાન થયું. તે જ ક્ષણે મેં પ્રથમ અનુભવ્યું કે મારી સામે એક પુરુપ ઊભો છે.

मदन – સુલક્ષણે, એ શિક્ષણ મારું. એક દિન જીવનની શુભ, પુણ્ય ક્ષણે હું જ સ્ત્રીને સ્ત્રી હોવાનું અને પુરુપને પુરુપ હોવાનું ભાન કરાવું છું. પછી શું થયું?

चित्रांगदा – ભયભીત વિસ્મિત સ્વરે મેં પૂછ્યું: "તમે કોણ છો?" ઉત્તર મળ્યો: "કુરુવંશનો હું અર્જુન."

હું તો ચિત્રવત્ ઊભી રહી, તેમને પ્રણામ કરવાયે ભૂલી ગઈ. – શું આ જ અર્જુન? આજન્મની મારી વિસ્મયમૂર્તિ? મેં સાંભળ્યું હતું કે પ્રતિજ્ઞા

પાળવા, બાર વર્ષનું બ્રહ્મચર્ય લઈ, અર્જુન વનચર્યા કરે છે. આ જ તે પાર્થવીર! કેટલાયે દિવસથી બાલ્ય-દુરાશામાં હું ધારતી હતી કે મારા ભુજબળે અર્જુનની કીર્તિ ઝાંખી કરીશ; અમોઘ લક્ષ્ય સાધીશ; પુરુષના કપટવેશમાં તેમની પાસે યુદ્ધ માગી તેમને મારા વીરત્વનો પરિચય આપીશ. અરે નાદાન, ક્યાં ગઈ તારી એ ધૃષ્ટતા! જે ભૂમિ ઉપર તે ઊભા હતા તે ભૂમિ ઉપરનું તરણું બનવા માટે, મારું બધું શૌર્ય, વીર્ય ધૂળમાં મેળવી દઈ તેમના ચરણ તળે હું દુર્લભ મૃત્યુ પામત.

હું શા વિચારમાં હતી તે મને યાદ નથી. ફરીને જોઉં છું તો તે વીર તો ધીમે ધીમે વનમાં ચાલ્યા ગયા. હું ચમકી ઊઠી; તે જ ક્ષણે મારી ચેતના જાગ્રત થઈ; મને પોતાને મેં શતવાર ધિક્કાર દીધા. અરેરે ઘેલી! તેમની સાથે સંભાષણ ન કીધું, તેમને કાંઈ પૂછ્યુંયે નહીં, ક્ષમા-ભિક્ષા પણ ન માગી, – બબૂચક જેવી ત્યાં ઊભી રહી – તે વીર તો તિરસ્કારમાં ચાલ્યા ગયા. હજી હું જીવું છું! તે ક્ષણે મરી ગઈ હોત તો તે જીવ્યા બરોબર હતું.

બીજે દિવસે પ્રભાતે મારો પુરુષવેશ મેં કાઢી નાખ્યો. લાલ સાડી સજી, હાથે કંકણ ધારણ કર્યાં, પગે નૂપુર પહેર્યાં, કટિભાગે મેખલા બાંધી. આ અપરિચિત વેશ અતિ સંકોચાતો સંકોચાતો લજ્જાથી મારા અંગને વળગી રહ્યો.

ગુપચુપ હું પેલા વનમાં ઊપડી; ત્યાંના શિવમંદિરમાં તેમને જોયા.

मदन – બોલ્યે જાઓ, બહેન, બોલ્યે જાઓ. મારી પાસે શરમ ન રાખતાં. હું મનસિજ છું. મનનાં સઘળાં રહસ્ય જાણું છું.

चित्रांगदा – મેં શું કહ્યું અને મને શા ઉત્તર મળ્યા તેની મને ચોખ્ખી સ્મૃતિ નથી. વધુ પૂછશો નહીં, ભગવન્. લજ્જા મારા માથા પર વજ્રસમી તૂટી પડી; પણ મારા ચૂરેચૂરા ન કરી શકી. સ્ત્રી છતાં હું આવી પૌરુષવતી! દુ:સ્વપ્નથી વિહ્વલ થયેલી હોઉં એવી હું શી રીતે ઘેર આવી તેયે મને ખબર નથી. તેમના છેલ્લા શબ્દ તપ્ત શલ્ય જેવા મારા કાનમાં ખૂંચવા લાગ્યા. ''મેં બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું છે; પતિયોગ્ય નથી હું, વરાંગને.''

પુરુષનું બ્રહ્મચર્ય! ધિક્કાર છે મને, હું તે ચળાવી ન શકી! કામદેવ, આપ તો જાણો છો જ કે અસંખ્ય ઋષિમુનિઓએ તેમની ચિરાર્જિત તપસ્યાનાં

ફળ સ્ત્રીના ચરણે તજ્યાં છે. ક્ષત્રિયનું તે વળી બ્રહ્મચર્ય!

ઘેર જઈ ધનુષ્યબાણ જે કાંઈ હતાં તેટલાં ભાંગી નાખ્યાં; ધનુષ્યની પણછ ખેંચી ખેંચી કઠણ થએલો મારો કરતલ – જે આટલા દિવસ મારા ગર્વનું કારણ હતો – તેનો મેં વ્યર્થ ક્રોધમાં તિરસ્કાર કર્યો. આટલા દિવસે સમજી કે સ્ત્રી થઈ પુરુષનું મન ન જીતી શકી તો બધી વિદ્યા વૃથા છે. અબળાના મૃણાલશા કોમળ બાહુમાં આ બાહુ કરતાં શતગણું બળ ભર્યું છે. ધન્ય છે તે મૂર્ખ, મુગ્ધ, ક્ષીણ તનુલતાને – પરાવલંબિતાને. ધન્ય છે તે લજ્જાભયે સંકોચાતી સામાન્ય લલનાને, જેના ચંચલ નેત્રપાત આગળ સમસ્ત વીર્યબળ અને કંઈ કંઈ તપસ્યાનાં તેજ પરાભવ માને છે! હે અનંગદેવ, મારો સઘળો ગર્વ એક પળમાં તમે નષ્ટ કર્યો છે, મારી સઘળી વિદ્યા, સઘળું બળ તમારાં ચરણ તળે આણ્યાં છે. હવે શીખવો મને તમારી વિદ્યા, આપો મને અબળાનું બળ, અશસ્ત્રનાં શસ્ત્ર.

मदन – હું તને સહાય થઈશ. અયિ શુભે, વિશ્વજયી અર્જુનને જીતી કેદ કરી લાવીશ તારી સન્મુખ. રાણી થઈ કરજે યથેચ્છ તેનો ન્યાય. વિદ્રોહીને દેજે દંડ.

चित्रांगदा – સમય હોત તો તો હું એકલી જ ધીમે ધીમે તેમના હૃદય પર અધિકાર મેળવત, દેવતાની મદદ ન લેત. સંગી થઈ તેમની સાથે રહેત, રણક્ષેત્રમાં સારથિ થાત, મૃગયામાં અનુચર બનત, છાવણીમાં રાત્રે તેમના તંબૂના દ્વાર આગળ પહેરો ભરત, નોકર થઈ તેમની સેવા કરત, ક્ષત્રિયોના આર્ત્તત્રાણ-મહાવ્રતમાં તેમને સહાય થાત. પછી જરૂર એક દિવસ કુતૂહલથી મને જોઈ, મનમાં ને મનમાં તે વિચારત: "આ કોઈ બાળક, પૂર્વજન્મનો કોઈ ચિરદાસ મારાં પુણ્યકર્મની માફક આ જન્મમાં પણ મારી સાથે આવ્યો છે." ધીમે ધીમે તેમના હૃદયનાં દ્વાર ઉઘાડી તેમાં ચિરસ્થાન મેળવત. હું જાણું છું કે મારો આ પ્રેમ કેવળ આંસુ સારીને જ બેસી રહે એવો નથી. જે સ્ત્રી મૂગું ધૈર્ય ધારણ કરી, રાત્રિએ પોતાની જન્મભરની અંતર્વ્યથા પર આંસુ સારે, અને દિવસે મલાન હાસ્યમાં તે છુપાવી રાખે, – એવી આજન્મવિધવા નથી હું; મારી કામના કદી નિષ્ફળ જશે નહીં. મારું ખરું સ્વરૂપ એક વાર તેમને બતાવી શકું તો તો જરૂર તે મારા હાથમાં આવે. હાય, તે દિવસ તેમણે મને કેવી જોઈ હતી! લજ્જાથી સંકુચિત, એક

શંકિત, કમ્પિત, નારી, ભાન ભૂલી કેવળ પ્રલાપ કરનારી. પણ શું હું ખરેખર તેવી છું? અનેક નારીઓ ઘરમાં, બહાર, ચારે વાટ રુદનનો જ આશ્રય લે છે. તેમના કરતાં હું વિશેષ નથી? પરંતુ, હાય, પોતાનો પરિચય આપવા માટે તો બહુ ધૈર્ય જોઈએ, બહુ દિવસ જોઈએ, સારી જિંદગી જતી રહે, જન્મજન્માંતરનાં વ્રત લેવાં પડે. માટે જ આવી છું તમારે દ્વારે અને માંડ્યું છે આ કઠોર તપ. હે ભુવનવિજેતા દેવ, હે મહાસુન્દર ઋતુરાજ, માત્ર એક દિવસ માટે તો દૂર કરો જન્મદાતા વિધાતાનો વિનાદોષ શાપ – અબલાનું કુરૂપ. બનાવો મને અપૂર્વ સુંદરી. આપો મને એવો એક દિવસ. પછીની તો હું પેરવી કરી લઈશ. એક દિવસ તો મને મારા હૃદયમાં પ્રગટેલા આકસ્મિક પ્રેમના વિકાસ જેવી અતીવ મનોહર બનાવો. હે વસન્ત, હે વસન્તસખા, એક દિવસ માટે તો આ મારી વાસના પૂરો.

मदन – તથાસ્તુ.

वसन्त – તથાસ્તુ. માત્ર એક દિવસ નહીં, પણ એક આખું વર્ષ, વસન્તની પુષ્પશોભા તારી દેહલતા ઉપર વિકસી રહેશે.

## મણિપુર – અરણ્યશિવાલય

### અર્જુન

अर्जुन – મેં શું જોયું? એ સત્ય હતું કે માયા? નિબિડ, નિર્જન વનમાં નિર્મલ સરોવર; – એવું શાન્ત, એકાન્ત કે જાણે નિઃસ્તબ્ધ મધ્યાહ્ને વનલક્ષ્મીગણ ત્યાં સ્નાન કરી જાય; અને ભરપૂર્ણિમાની રાત્રે તે સુપ્ત સરોવરના સ્નિગ્ધ તૃણતટે, સ્ખલિત અંચલે, નિઃશંક મીઠી નિદ્રા લે.

ત્યાં વૃક્ષની ઘટામાં એક સાંજે મારી ગત જીવનકથા, દુનિયાના મૂઢ ખેલ, સુખદુઃખ, ચડતીપડતી, જીવનના અસંતોષ, અધૂરી આશા, મર્ત્ય માનવનું અનન્ત દારિદ્ર, – આ સૌ વિચારતો બેઠો હતો. એ ઘડીએ વૃક્ષઘટાના ગાઢ અંધકારમાંથી ધીમે ધીમે બહાર નીકળી સરોવરના ઘાટ ઉપરની શ્વેત શિલા ઉપર કોણ આવી ઊભું! કેવું અપૂર્વ રૂપ! જાણે તેના કોમલ, શુભ્ર ચરણ નીચે પૃથ્વીનું હૃદય આનન્દથી ધડકી રહે! ઉષાનાં સુનેરી અભ્ર જોતજોતાંમાં ગળી જઈ, ઉદયાચલના શુભ્ર શિખરની અકલંક, નગ્ન શોભા ખુલ્લી કરે, તેમ તેનાં વસ્ત્ર, તેના દેહના લાવણ્યમાં અતિ સુખથી જાણે મળી જવા ઇચ્છતાં હતાં. ધીમે ધીમે નીચે ઊતરી, ... સરોવર-જલમાં

30427

પોતાની મુખચ્છાયા જોઈ તે ચમકી ઊઠી. ક્ષણ પછી મૃદુ હાસ્ય કરી, વામ બાહુ છટાથી હલાવી, તેણે પોતાનો કેશપાશ છોડી નાખ્યો; છૂટા કેશ તેના ચરણ આગળ વિહ્વળ ઝૂલી રહ્યા. છેડો ખસેડી નાખી પોતાના અનવદ્ય, સ્નિગ્ધસ્પર્શ, પ્રેમકરુણાભીના બાહુ નીરખી રહી. શિર નીચું નમાવી, પોતાના પરિસ્ફુટ દેહતટ ઉપર વિકસી રહેલું યૌવન નીરખ્યું. પોતાના નવા ગૌરતનુ ઉપર પથરાયલી કંઈક લજ્જા અને લાલીભરી પ્રભા નિહાળી. સરોવરના જળમાં ચરણ બોળી તેની આભા જોઈ. તેના વિસ્મયની સીમા રહી નહીં; જાણે પોતાને તેણે પ્રથમ જ જોઈ હોયની! જાણે કોઈ શ્વેત કમળે પોતાનો કળિકાળ બીડેલી આંખે જ વ્યતીત કર્યો હોય, – પ્રભાતે પૂર્ણ શોભા પ્રથમ મેળવી, તે જ પ્રભાતે ગરદન નમાવી નીલ સરોવરજલમાં પોતાને પ્રથમ જોઈ, સારો દિવસ વિસ્મયમાં ગરક થઈ રહી હોયની! પણ ક્ષણમાં તો, કોણ જાણે શે દુઃખે, તેના મુખ ઉપરનું સ્મિત ઊડી ગયું, તેનાં નયન કરમાયાં; કેશપાશ બાંધી લીધો, દેહ ઉપર છેડો ઢાંક્યો, અને નિઃશ્વાસ નાખતી ધીરે ધીરે તે સરી ગઈ – સુવર્ણમય સંધ્યા, મ્લાન મુખ કરી મૃદુ પદે અંધારી રજનીમાં સરી જાય તેમ.

મને વિચાર થયો, ધરણીએ પોતાનું ઐશ્વર્ય દાખવી દીધું. કામનાની સંપૂર્ણતા ક્ષણમાં જણાઈ, ક્ષણમાં વિરામી, વળી વિચાર થયો: કેટલું યુદ્ધ, કેટલી હિંસા, કેટલો આડમ્બર, પુરુષનું પૌરુષ-ગૌરવ, વીરત્વની સતત કીર્તિતૃષા શાંત થઈ, એ પૂર્ણ સૌન્દર્ય આગળ આળોટે છે – પશુપતિ સિંહ જેમ દુર્ગાના ભુવનવાંછિત અરુણ ચરણ આગળ આળોટે તેમ. વળી એક વાર જો – બારણું કોણે ઠેલ્યું?

(બારણું ઊઘડ્યું)

આ કોણ? તે જ મૂર્તિ! શાન્ત થા હૃદય! (ચિત્રાંગદા પ્રતિ) ડરશો નહીં મારાથી, હે સુમુખિ! હું છું ક્ષત્રકુલોત્પન્ન, ભયભીત દુર્બલના ભય હરનારો.

चित्रांगदा – આર્ય, આપ મારા અતિથિ છો. આ મન્દિર મારો આશ્રમ છે. નથી જાણતી હું, આપની અભ્યર્થના કેમ કરવી, કેવો સત્કાર કરી આપને સંતોષવા.

अर्जुन – તમારાં દર્શન જ અતિથિસત્કાર છે, સુન્દરિ! તમારાં મધુરાં વેણ

મારું પૂરું સૌભાગ્ય છે.વાંધો ન હોય તો એક પ્રશ્ન પૂછવા ઇચ્છું છું. મને એક કુતૂહલ થયું છે.

चित्रांगदा – નિઃસંકોચ પૂછો.

अर्जुन – શુચિસ્મિતે! કયા સુકઠોર વ્રતને યોગે, હતભાગ્ય માનવલોકની વંચના કરી, આ રૂપરાશિને, આ નિર્જન દેવાલયમાં વ્યર્થ વેરી રહ્યાં છો?

चित्रांगदा – એક ગુપ્ત કામનાની સિદ્ધિ માટે એકચિત્તે શિવપૂજા કરું છું.

अर्जुन – હાય, જગતની કામના તમે, કોની કરો છો કામના? સુદર્શને, ઉદયાચલથી તે અસ્તાચલ સુધીનો સારો પ્રદેશ હું રખડ્યો છું; સપ્તદ્વીપમાં જે કાંઈ દુર્લભ, સુન્દર, અચિન્ત્ય, મહાન છે તે સર્વ મેં જોયું છે. શું જોઈએ છે તમારે? કોની કામના કરો છો તમે? કહો મને, મારી પાસેથી મળશે તેની વાર્તા.

चित्रांगदा – જેમની હું કામના કરું છું, તેમને ઓળખે છે ત્રણે ભુવન.

अर्जुन – એવો તે નર કોણ છે પૃથ્વી ઉપર? કોનો યશોરાશિ, અમરકાંક્ષિત તમારા મનોરાજ્યને વિષે દુર્લભ આસન પ્રાપ્ત કરી રહ્યો છે? કહો મને તેનું નામ, સાંભળી કૃતાર્થ થાઉં.

चित्रांगदा – સર્વશ્રેષ્ઠ નરપતિકુલમાં જન્મેલા છે તે સર્વશ્રેષ્ઠ વીર.

अर्जुन – મિથ્યા ખ્યાતિ, એક મુખેથી બીજે મુખે, અને એક કાનેથી બીજે કાને પ્રસરે છે; ક્ષણજીવી તુષાર ઉષાને ઢાંકવાની લીલા કરે તે, જ્યાં સુધી સૂર્યોદય ન થાય ત્યાં સુધી જ. હે સરલે, આ દુર્લભ સૌન્દર્યસંપદ દ્વારા મિથ્યાની ઉપાસના કરો નહીં. કહો તો ખરાં, કોણ છે તે સર્વશ્રેષ્ઠ વીર, ધરણીના સર્વશ્રેષ્ઠ કુલનો?

चित्रांगदा – કોણ છો તમે પરકીર્તિ-અદેખા, ઓ સંન્યાસી! આ ભુવનમાં કોને એ વાત અજાણી છે કે કુરુવંશ સર્વ રાજવંશનો મુકુટ છે?

अर्जुन – કુરુવંશ!

चित्रांगदा – તે જ વંશમાં એક છે અક્ષયકીર્તિ, વીરેન્દ્રકેસરી. નામ સાંભળ્યું છે તેમનું?

अर्जुन – બોલો, સાંભળું તમારે મુખે.

चित्रांगदा – અર્જુન, ગાંડીવધનુ, ભુવનવિજેતા. જગતના સમસ્ત નામ-ભંડારમાંથી આ અક્ષય નામ ચોરી લઈ, જતન કરી, છુપાવી રાખી, મેં

મારા કૌમાર હૃદયને ભરી દીધું છે. બ્રહ્મચારી, વ્યાકુલ કેમ દેખાઓ છો?

ત્યારે શું એ મિથ્યા છે? શું મિથ્યા છે અર્જુન નામ? કહો આ જ ક્ષણે; જો તે મિથ્યા હોય તો હૃદય ભાંગી તેને વેરી દઉં; એક મુખેથી બીજે મુખે, એક કાનેથી બીજે કાને ભલે તે ઊડતું રહે. નારીના અંતરમાં તેને સ્થાન નથી.

अर्जुन – વરાંગને, તે જ અર્જુન, તે જ પાંડવ, તે જ ગાંડીવધનુ, તમારા ચરણનું શરણ પામવા ભાગ્યશાળી થયો છે. તેનું નામ, તેની ખ્યાતિ, તેનું વીર્ય, મિથ્યા હો કે સત્ય હો, પણ જે દેવદુર્લભ લોકમાં તેને સ્થાન દીધું છે ત્યાંથી તેને, હવે ના કરશો વિચ્યુત, – ક્ષીણપુણ્ય, હૃતસ્વર્ગ, હતભાગ્ય સમ.

चित्रांगदा – તમે પાર્થ?

अर्जुन – હું જ પાર્થ. દેવી, તમારા હૃદયદ્વારે પ્રેમાર્ત્ત અતિથિ.

चित्रांगदा – સાંભળ્યું છે ને કે અર્જુન તો બાર વર્ષનું બ્રહ્મચર્ય પાળે છે. તે જ વીર વ્રત ભંગ કરી કામિનીની કામના કરે છે! હે સંન્યાસી, તમે પાર્થ?

अर्जुन – તમેં મારું વ્રત ભાંગ્યું છે, – ચન્દ્ર ઉદય પામી જેમ પલકમાં રાત્રિની યોગનિદ્રા – અંધકાર ભાંગી નાખે તેમ.

चित्रांगदा – ધિક્, પાર્થ, ધિક્! કોણ છું હું? શું છે મારી પાસે? શું દેખો છો તમે મારામાં? મારું તમે શું જાણો છો? કોને માટે તમે પોતાને ભૂલી જાઓ છો? એક ક્ષણમાં પ્રતિજ્ઞાનો ભંગ કરી અર્જુનને કરો છો અનર્જુન, તે કોને માટે? મારે માટે તો નહીં જ; આ બે નીલોત્પલ નયન માટે. આ નવનીતને લજવે એવા બાહુપાશમાં સવ્યસાચી અર્જુન સપડાયા છે, પોતાની પ્રતિજ્ઞાનું બંધન તોડીફોડીને. અહા! ક્યાં ગઈ પ્રેમની મર્યાદા? ક્યાં રહ્યું નારીસન્માન? હાય, મારા ઉપર, મારા અમર અંતરાત્મા ઉપર મારા તુચ્છ દેહે, આ ક્ષણસ્થાયી કપટવેશે વિજય મેળવ્યો! આટલે વખતે જાણી શકી, અર્જુન, તમારી ખ્યાતિ અને તમારું વીરત્વ મિથ્યા છે.

अर्जुन – ખ્યાતિ મિથ્યા છે, વીરત્વ મિથ્યા છે, તે હુયે આજે સમજ્યો છું. આજ મને સપ્તલોક સ્વપ્નસમ ભાસે છે. માત્ર તું જ એક પૂર્ણ છે, તું સર્વ છે. તું વિશ્વનું ઐશ્વર્ય છે, એક નારી – તું જ સકલ દૈન્યનું

મહત્ અવસાન છે, સકલ કર્મનું વિરતિસ્થાન છે. કેમ જાણે અકસ્માત્, તને નીરખીને, હું સમજી શક્યો છું કે અન્ધકારના મહાર્ણવમાં, પ્રથમ પ્રભાતનું આનન્દકિરણ પ્રકટતાં, એક મુહૂર્તમાં સૃષ્ટિ-કમળનો વિકાસ ચોદિશ કેવી રીતે પ્રસરી રહ્યો હશે. બીજાં સૌને, ગમે તો પળે પળે, અંશે અંશે, તોપણ બહુ દિવસે પૂરાં સમજી શકાય. પણ તને મેં જોઈ ત્યારથી સમગ્ર તું મને નીરખવાની મળી છે. છતાં તારો પાર પામી શકતો નથી. કૈલાસ શિખર ઉપર એક વાર મધ્યાહ્ને, મૃગયાથી થાકેલો, તૃષા અને તાપથી પિડાયેલો, હું કુસુમચિત્રિત માનસસરને તીરે ગયો. તે દિવ્ય સરોવરનાં જલ તરફ નિહાળીને જોયું તો તે અનન્ત, અતલ નજરે પડ્યું. જેટલું ઊંડું જુઓ તેટલું સ્વચ્છ. મધ્યાહ્ન-રવિની રશ્મિરેખા, સુવર્ણનલિનીનાં સુવર્ણ મૃણાલ સાથે મળી જઈ, અગાધ અસીમમાં ડૂબી જતી હતી, અને જલની લહરીમાંથી લક્ષકોટિ અગ્નિમયી નાગિણીઓ જેવી આમતેમ ડોલી રહેતી હતી. મનમાં એમ થયું કે જાણે ભગવાન સૂર્યદેવે, પોતાની સહસ્ર અંગુલિથી, જન્મશ્રાન્ત, કર્મક્લાન્ત મર્ત્યલોકને સુંદર, અનંત, શીતલ, અંતિમ વિરામસ્થાન ક્યાં છે તે, બતાવી દીધું. એ સ્વચ્છ અતલતા મેં જોઈ છે તમારામાં. ચોદિશાથી દેવની અંગુલિ જાણે મને નિર્દેશ કરે છે કે આ જ તમારો અલૌકિક પ્રકાશ છે, કીર્તિક્લિષ્ટ જીવનનું સમર્પણસ્થાન.

चित्रांगदा – આ હું નથી, હું નથી. પાર્થ! હાય, આ તો કોઈ દેવની છલના છે. જાઓ, જાઓ, પાછા ફરો, પાછા ફરો, વીર. મિથ્યાની ન કરો ઉપાસના. તમારું શૌર્ય, વીર્ય, મહત્ત્વ, મિથ્યા વસ્તુને પદે ન ધરો. જાઓ, પાછા ફરો.

## તરુ તળે

## ચિત્રાંગદા

चित्रांगदा – હાય, હાય, શે તે પાછી વાળી શકાય? તે વીરહૃદયની થરથરતી વ્યાકુળતા, – તૃષ્ણાર્ત્ત, કમ્પિત, તણખા ઉરાડતી હોમાગ્નિ-શિખાના જેવી! અંતરના બાહુ થઈ જાણે, તે દૃષ્ટિ, મને ઝડપી લેવા આવે છે. તે ઉત્તપ્ત હૃદય સર્વાંગ તોડી બહાર નીકળવા ચાહે છે, અને તેનો ક્રન્દનધ્વનિ અંગેઅંગ સંભળાય છે જાણે! આવી એ તૃષ્ણાને શું પાછી વાળી શકું?

(વસન્ત અને મદન પ્રવેશ કરે છે.)

અનંગદેવ, કયા રૂપહુતાશનમાં વીંટો છો મને, કે બળું છું અને બાળું છું?

मदन – કહે, તન્વિ, ગઈ કાલની કથા. મેં છોડેલા પુષ્પશરે શું શું કાર્ય સાધ્યું તે સાંભળવાની ઇચ્છા છે.

चित्रांगदा – કાલ સંધ્યાકાળે, સરોવરના તૃણપુંજ તીરે, વસન્તનાં વેરેલાં પુષ્પો પાથરી મેં એક શય્યા રચી. થાકેલી હું, મારું અવસન્ન શિર મારા ડાબા હાથ ઉપર ટેકવી, સૂતી; તે દિવસની વીતીનો હું વિચાર કરતી હતી. અર્જુનને મુખે મેં જે સ્તુતિ સાંભળી હતી તેના શબ્દેશબ્દનું સ્મરણ કરતી હતી. એકલી સૂતી સૂતી, સારો દિવસ સંચેલા અમૃતમાંથી ટીપું ટીપું લઈ પાન કરતી હતી; મારો પૂર્વઇતિહાસ, મારા પૂર્વજન્મની કથા પ્રમાણે હું ભૂલતી હતી. જાણે હું રાજકન્યા ન હોઉં. જાણે મારે કાંઈ પૂર્વાપર ન હોય. જાણે હું આ અવનિ પર એકાએક ઊગી નીકળેલું અરણ્યનું પિતૃમાતૃહીન પુષ્પ હોઉં, માત્ર એક પ્રભાતપૂરું આયુષ્ય, – તેટલામાં ભ્રમરનો ગુંજારવ અને વનાન્તનો આનન્દમર્મર સાંભળી લેવો પડશે, અને પછી તરત જ નીલ આકાશ તરફથી દષ્ટિ વાળી લઈ, શિર નમાવી, વાયુના એક સ્પર્શની સાથે એક આંસુ પણ સાર્યા વિના, ખરી જઈ, ધૂળમાં રોળાઈશ, અને એટલી અવધિમાં આદિઅન્તવિહીન મારી કુસુમકથા સમાપ્ત થશે.

वसन्त – એક પ્રભાતમાં તો અનન્ત જીવન પ્રકટે, ઓ સુન્દરિ!

मदन – સંગીતના એક અલ્પ આલાપમાં, જેમ અનન્ત કથા રણકી ઊઠે. વારુ, પછી?

चित्रांगदा – આ વિચારમાં પડી હતી ત્યારે દક્ષિણ વાયુ અંગેઅંગ પર નિદ્રાની લહરીઓ અફાળતો હતો; સપ્તપર્ણ વૃક્ષની શાખા ઉપરથી પ્રફુલ્લ માલતીલતા મારા ગૌર તનુ ઉપર ટપ ટપ પુષ્પો વેરી નિ:શબ્દ ચુંબન વરસાવતી હતી; પુષ્પોએ કેટલાકે વાળમાં, કેટલાકે ચરણ આગળ, કેટલાકે સ્તનતટે, પોતાની મરણશય્યા બિછાવી.

કેટલીક ક્ષણ અચેત વહી ગઈ. એ સ્થિતિમાં ન જાણે ક્યારે, નિદ્રાના ઘેનમાં મને અનુભવ થયો કે જાણે કોઈના મુગ્ધ નયનની દષ્ટિ, દશ આંગળીઓની જેમ, મારા નિદ્રાલસ તનુને, તીવ્ર લાલસાથી સ્પર્શ કરે છે. ચમકીને હું જાગી ઊઠી.

જોયું તો પેલા સંન્યાસી મારા ચરણ આગળ અનિમેષ ઊભા રહ્યા છે, સ્થિર મૂર્તિ જેવા. પૂર્વાચલ ઉપરથી ધીમે ધીમે સરી જઈ પશ્ચિમે ઢળતા બારશના ચન્દ્રમાએ પોતાનાં સર્વ હિમકિરણો, મારાં સ્ખલિતવસ્ત્ર, નવપ્રફુલ્લ, શુભ્ર સૌન્દર્ય ઉપર ઢાળી દીધાં છે. તરુતલ પુષ્પની સુગન્ધે મહેકી રહ્યું છે. તમરાંના અવાજમાં રાત્રિ નિદ્રામગ્ન છે; સ્વચ્છ સરોવરજલમાં ચન્દ્રકિરણબિમ્બ જાણે ચોંટી રહ્યાં છે; પવન પડી ગયો છે; જ્યોત્સ્નાનાં ભરપ્રકાશમાં, મુલાયમ, ચીકણા, ઢગલેઢગલા, અંધારાં પલ્લવોનો ભાર શિરે લઈ અટવી સ્તબ્ધ થઈ રહી છે. તેવા જ જાણે, દીર્ઘકાય વનવૃક્ષસમા, પેલા એકાકી દંડધારી બ્રહ્મચારી, ચિત્રાર્પિત ઊભા છે. નિદ્રાભંગ થતાં જ ચોદિશ જોયું તો એમ લાગ્યું કે, જાણે કોઈ વિસ્મૃત પ્રદોષે મારા આ જીવનનો લય થઈ, કોઈ મ્લાન, અદ્‌ભુત નિદ્રાલોકમાં, જનશૂન્ય, નિર્જ્યોત્સ્ન વૈતરણીતીરે, મેં સ્વપ્નજન્મ લીધો છે. ઊઠીને હું ઊભી થઈ. મિથ્યા શરમ, સંકોચ, ઢીલાં વસ્ત્ર શાં, ચરણ આગળ સરી પડ્યાં. "પ્રિયે, પ્રિયતમે!" શબ્દ મારે કાને પડ્યા. આ ગંભીર સંબોધન સાથે એક દેહમાં જન્મોજન્મની સ્મૃતિ જાગી ઊઠી. હું બોલી, "લો, લો, મારું સર્વસ્વ લો. મારા જીવનવલ્લભ." મારા બન્ને બાહુ પહોળા કર્યા. વનવૃક્ષઘટામાં ચન્દ્ર ડૂબી ગયો. પૃથ્વી અંધકારમાં પડી. સ્વર્ગ અને મર્ત્ય, દેશ અને કાલ, દુઃખ અને સુખ, જીવન અને મરણ, અસહ્ય આનન્દસંમોહમાં અચેત થઈ ગયાં. . . .

પ્રભાતનું પ્રથમ કિરણ ફૂટતાં, પક્ષીનું પ્રથમ સંગીત સાંભળતાં ધીરે ધીરે ડાબા હાથનો ટેકો દઈ પથારીમાંથી ઊઠી હું બેઠી થઈ. જોયું તો વીરવર નિરતે મીઠી નિદ્રા લેતા હતા. એમના હોઠ પર પ્રભાતની ચન્દ્રકળા સમું મન્દ સ્મિત ફરકી રહ્યું હતું–રજનીના આનન્દનો શીર્ણ અવશેષ જાણે. એમના ઉન્નત લલાટપટે અરુણનો પ્રકાશ પડ્યો; મર્ત્યલોકમાં જાણે નવા ઉદયાચલ પર નવકીર્તિસૂર્યોદયનો પ્રકાશ થયો. નિઃશ્વાસ નાખી શય્યા તજી હું ઊઠી; એમના સુપ્ત મુખ પર પડતાં રવિકિરણની આડે, ધીરે માલતીલતાગુચ્છનો પડદો રચ્યો.

ચોદિશ પૂર્વપરિચિત પ્રાચીન પૃથ્વી જોઈ. મારું પોતાનું મને ફરી વાર સ્મરણ થઈ આવ્યું, અને પોતાની છાયાથી ભયભીત થઈ નાસતી હરિણીના જેવી હું, પ્રભાતના પારિજાત પુષ્પથી ઢંકાયલી વનસ્થલી ઉપર ભાગી આવી.

નિર્જન લતામંડપ નીચે બેસી, બંને કર વડે મુખ ઢાંકી, રોવાની ઇચ્છા કરી, પણ આંસુ ન આવ્યાં.

मदन – હાય, માનવનન્દિનિ, સ્વર્ગના સુખનો એક દિવસ તોડી તેના આનન્દ વડે, ધરણીની એક રાત્રિ ભરી, તારા અધર આગળ મહામહેનતે મેં ધરી; રતિચુમ્બિત, નન્દનવનગન્ધથી મોદિત, મધુર શચીના પ્રસાદામૃતનું મેં તને પાન કરાવ્યું, તોયે આ રુદન!

चित्रांगदा – પણ, દેવ, કોને કરાવ્યું પાન? કોની તૃષા મટાડી? પેલું ચુંબન, પેલો પ્રેમસંગમ, જે મારા અંગમાં વ્યાપી, આ ક્ષણે વીણાના ઝંકારસમ કંપી ઊઠ્યાં છે, તે તો મારાં નથી. બહુ કાલની સાધના વડે માત્ર એક પલક માટે મળેલું એ પ્રથમ મિલન, કોઈએ મને છેતરી, મારી પાસેથી છીનવી લીધું! મારું આ માયાલાવણ્ય, અતિ પ્રફુલ્લ, પુષ્પની પાંખડીઓની માફક, એ ચિરદુર્લભ મિલનની સુખ-સ્મૃતિ લઈને ખરી પડશે. પછી અંતરની દરિદ્ર આ સ્ત્રી, અહર્નિશ દેહનીયે દરિદ્ર થઈ બેસશે. મકરધ્વજ, આ તો આપે મને કોઈ દુષ્ટ રાક્ષસીની સાથે, તેની છાયાની માફક, તેની અંગસહચરી કરી, જડી લીધી છે, – આ તે કેવો શાપ? સતત તૃષ્ણાતુર, લોલુપ ઓષ્ઠને જે ચુમ્બન પ્રાપ્ત થયાં તેનું તે પાન કરી ગઈ. તે પ્રેમદૃષ્ટિપાત એવો આગ્રહપૂર્ણ છે, કે જ્યાં તે પડે છે ત્યાં તે જાણે વાસનાની રંગિત ચિહ્નરેખા આંકે છે. સારી રાત તપસ્યા કરી રહેલા કૌમાર હૃદયપદ્મ ઉપર તે દૃષ્ટિ રવિકિરણ શી આવી પડી. તેને પણ તે રાક્ષસીએ ભૂલવી, પોતે લઈ લીધી.

मदन – ત્યારે ગઈ રાત તો તારી વ્યર્થ ગઈ! તારું આશાનું હોડકું લગભગ કિનારે આવેલું, શું માત્ર તરંગ-આઘાતે પાછું ઠેલાયું?

चित्रांगदा – ગઈ રાત્રે તો મનમાં કશુંય ન હતું, દેવ! સુખસ્વર્ગ એટલું બધું પાસે આવી ગયું, કે આત્મવિસ્મરણના સુખમાં, તે મને પ્રાપ્ત થયું છે કે નહીં તેની મેં ગણના ન કરી. આજ પ્રભાતે, ઊઠી ત્યારથી, નિરાશા અને ધિક્કારના આઘાતે, હૃદયના મર્મેમર્મ તૂટે છે. રાતની વાતો એક પછી એક સાંભરી આવે છે, અને તેની ચેતના વિદ્યુત્વેદના ઉપજાવે છે. અંતરમાં અને બહાર તે મારી સપત્ની બને છે. હું તે ભૂલી શકતી નથી. મારી કાયા પણ જાણે મારી સપત્ની થઈ છે. પ્રતિદિવસ તે સપત્નીને સ્વહસ્તે

સજાવીને, મારું આકાંક્ષાતીર્થ જે વાસરશય્યા, ત્યાં મારે મોકલવી પડશે; સતત તેની સાથે રહી, ઉઘાડી આંખે, તેનો આદર થતો પ્રતિક્ષણ જોવો પડશે. હાય, દેહના સોહાગથી અંતર ભડકે બળે એવો શાપ આ નરલોકમાં બીજા કોને ચોંટ્યો હશે? હે અનંગ, પાછું લ્યો આપનું વરદાન.

मदन – જો પાછું લઉં તો, છલનાનું આવરણ ફેંકી દઈ કુસુમપલ્લવહીન, હેમન્તની હિમશીર્ણલતા જેવી તું, અર્જુન સમક્ષ શું મોં લઈ ઊભી રહેશે? પ્રથમ આનન્દનો જરા ઘૂંટડો પાઈ, તેના મુખ આગળથી સુધાપાત્ર ખેંચી લઈ, ભૂમિ ઉપર ચૂરી નાખશે તો તે કેવા આઘાતથી ચમકી ઊઠશે, તારા તરફ તે કેટલા ક્રોધથી જોશે?

चित्रांगदा – દેવ, તેયે બહેતર છે! આ कपटवेशधारी હું કરતાં તો તે વેશ વિનાની હું શતગણી શ્રેષ્ઠ છું. હું તેમની આગળ પ્રગટ થઈશ, પછી જો તેમને ઠીક ન લાગે અને તિરસ્કારપૂર્વક મને તજી તે ચાલ્યા જાય અને મારી છાતી ફાટી મારું મરણ થાય તોપણ હું, હું તો રહીશ. ઇન્દ્રસભા, એ પણ બહેતર છે.

वसन्त – મારી વાત તો સાંભળ. ફૂલ પૂરાં ફૂટી રહ્યાં પછી જ ફળ નીપજે છે. યથાકાળે, તાપક્લિષ્ટ તારા લાવણ્યની પાંખડી આપોઆપ ખરી પડશે; ત્યારે તું તારા ખરા ગૌરવમાં પ્રગટ થશે; પછી તને નીરખીને અર્જુન પોતાને નૂતન સૌભાગ્ય પ્રાપ્ત થયું માનશે. બહેન, જા પાછી તારા યૌવનઉત્સવમાં!

## અર્જુન અને ચિત્રાંગદા

चित्रांगदा – શું જુઓ છો, વીર?

अर्जुन – પુષ્પવૃન્ત લઈ કોમળ અંગુલિથી તમે માળા ગૂંથી રહ્યાં છો તે જોઉં છું; નિપુણતા અને ચારુતા, બે બહેનની જોડલી, જાણે ચંચળ ઉલ્લાસમાં, તમારી અંગુલિનાં ટેરવાં ઉપર લીલા કરી રહી છે. જોઉં છું અને વિચાર કરું છું.

चित्रांगदा – શો વિચાર કરો છો?

अर्जुन – હું વિચારું છું, પ્રિયે, કે તું એવી જ સુન્દર રીતે તારા હળવા હાથે, મારા પર્યટનના દિવસોને, તારા રક્ત સ્પર્શના રસે સરસ કરી, તેની પણ એક એવી જ માળા ગૂંથીશ; અને તે અમર આનંદમાળા કંઠે ધરી હું પાછો ગૃહે સંચરીશ.

चित्रांगदा – આ પ્રેમને ગૃહ છે ખરું?

अर्जुन – ગૃહ નથી ત્યારે?

चित्रांगदा – નથી. ગૃહે લઈ જશો? ગૃહની તો વાત જ મા કરો. ગૃહ ચિરકાલનું છે, જે કાંઈ ચિરસ્થાયી હોય તેને જ તમે ગૃહે લઈ જજો. વનકુસુમ જ્યારે સુકાશે ત્યારે ગૃહમાં તેની અવગણના કરી, ક્યાંયે ફરસ ઉપર ફેંકી દેશો! તેના કરતાં તો અરણ્યના અંતઃપુરમાં, – જ્યાં નિત્ય નિત્ય કુસુમાંકુરો કરમાય છે, પલ્લવ પડે છે. કેશર ઝરે છે, કુસુમદલ ખરે છે, અને ક્ષણે ક્ષણે જ્યાં કેટલીયે એવી ક્ષણિક કળીઓ ફૂટે છે અને તૂટે છે, જ્યાં આવાં અનેક અનેક સુખની સમાપ્તિ થાય છે, ત્યાં – દિનાન્તે મારી લીલા સમાપ્ત થયે, હું ખરી જઈશ. કોઈના મનમાં કશો ખેદ થશે નહીં.

अर्जुन – બસ, એ જ?

ચિત્રાંગદા – હા એ જ. બીજું કશું નહીં. વીરવર, એમાં દુઃખ શાને? નવરાશના સમયમાં જે સારું લાગે તેને, નવરાશના સમયમાં જ પૂરું ભોગવી લો. સુખને એ સમય ઉપરાંત ક્ષણ પણ વધારે પકડી રાખો તો તે દુઃખમાં જ પલટાવાનું. જે છે તે જ લો; જેટલી ક્ષણ છે તેટલી ક્ષણ રાખો. કામનાના ઉદયકાળે જેટલું ઇચ્છ્યું હોય તેનાથી વિશેષની, તૃપ્તિના અવસાનકાળે આશા કરો નહીં.

દિવસ વીત્યો છે. કંઠે ધારણ કરો આ માળા. મારા શ્રાન્ત શરીરને તમારા બાહુમાં ખેંચી લો, હે વીર! આપણા અધરના સુખ-સંમિલનમાં મિથ્યા અસંતોષ ગળી જઈ; શાન્તિ પ્રસરો. આવો, પ્રણયના સુધામય ચિર-પરાજયમાં આપણે બંને એકબીજાના બાહુબન્ધમાં બન્દી થઈએ.

अर्जुन – સાંભળ, વહાલી, વનાન્તની પાર દૂર દેવાલયમાં આરતીના શાન્તિશંખ વાગી ઊઠ્યા.

मदन – હું પંચશર છું, મિત્ર; મારા એક શરે છે હાસ્ય; એક શરે છે અશ્રુ; એક શરે છે આશા; એક શરે છે ભય; અને એક શરે છે વિરહ, મિલન, આશા, ભય, દુઃખ, સુખ, – એકસાથે લાગ્યાં.

वसन्त – હું થાક્યો છું, મને જરા ઠરવા દે. હે અનંગ, તમારા રણરંગને સાંગોપાંગ પાર ઉતારો. રાતદિવસ જાગ્રત રહી તમારા અગ્નિને મારે ક્યાં

સુધી પંખો નાખ્યા કરવો પડશે? મહીં મહીં ઊંઘથી મારી આંખો ઘેરાય છે, પંખો પડી જાય છે, અને અગ્નિ-પ્રકાશ ઉપર ભસ્મ છવરાઈ જાય છે. ચમકીને જાગી, નવી ફૂંકે અગ્નિને સતેજ કરું છું. હવે તો મને વિદાય દે.

मदन – હું જાણું છું જ કે તું નિત્ય ચંચળ છે – સદાય નાદાન. નિત્ય છૂટે દોરે પૃથ્વી અને સ્વર્ગ ઉપર તારી લીલા કરી રહ્યો છે. અત્યંત શ્રમ લઈ અને બહુ કાલક્ષેપ કરી તું જેને સુંદર કરી મૂકે છે તેને પલકમાં ધૂળ મેળવતાં, તું પાછું ફરી જોતો નથી. પણ હવે વધારે દિવસ રહ્યા નથી. આનન્દચંચળ દિવસો તારી પાંખના સુસવાટે શુષ્ક પાર્ણવત્ ચંપ ચપ ઊડી જાય છે. હર્ષ – અચેતન વર્ષ પૂરું થયા આવ્યું છે.

## અરણ્યમાં

## અર્જુન

अर्जुन – પ્રભાતે નિદ્રામાંથી જાગતાં જાણે મને સ્વપ્નોમાંથી એક અમૂલ્ય રત્ન પ્રાપ્ત થયું. તે રત્નને રાખવાનું, આ પાર્થિવ મૃત્તિકામાં સ્થાન નથી, તેને જેમાં જડી રખાય એવું કિરીટ નથી, જેમાં તેને પરોવી રખાય એવું સૂત્ર નથી, તેને તજું એવો હું અધમ નથી. અહર્નિશ તેના ગ્રહણમાં જ રોકાયેલો મારો ક્ષત્રિયબાહુ કર્તવ્યવિમુખ થઈ રહ્યો છે.

(ચિત્રાંગદા પ્રવેશ કરે છે)

चित्रांगदा – શો વિચાર કરો છો?

अर्जुन – આજે મારા મનમાં મૃગયાના વિચાર ઘોળાય છે. આ ડુંગરાઓ ઉપર વરસાદ કેવો ધોધમાર વરસી રહ્યો છે? અરણ્ય ઉપર ઘનઘોર છાયા ઝઝૂમી રહી છે. મસ્ત ઝરણું, પોતાના ઘુઘવાટથી તટના પ્રતિરોધનો ઉપહાસ કરે છે. યાદ આવે છે, આવા વર્ષાના દિવસોમાં અમે પાંચે ભાઈઓ ચિત્રક વનમાં શિકારે જતા. વાદળની ઘટાના સ્નિગ્ધ આછા પ્રકાશમાં સારો દિવસ અમે ઉલ્લાસમાં ગાળતા; મેઘની ઝીણી ઝીણી ગર્જના સાથે અમારાં હૃદય નાચી રહેતાં; ઝરમર ઝરમર ટપકતા વરસાદને લીધે, અને ઝરણાંના કલરવને લીધે મૃગલાંઓને અમારો સાવધાન પગરવ સંભળાતો નહીં; પથપંક પર પોતાની નખચિહ્નરેખા મૂકી જઈ ચિત્તાઓ તેમની ગુફાનો અમને પત્તો દઈ જતા; વનભૂમિ કેકારવથી ગાજી રહેતી; મૃગયા પૂરી થયે, વર્ષાના

સૌભાગ્યગર્વથી ઊભરાઈ જતી નદી અમે પાંચે શરત કરીને તરી જતા. તેવા શિકારે જવાનો મને ચળવળાટ થાય છે.

चित्रांगदा – હે શિકારી, જે શિકારનો આરંભ કર્યો તેને તો પ્રથમ પૂરો થવા દો. શું તમને ખાતરી છે કે આ સુવર્ણ માયામૃગી આપના હાથમાં પૂરેપૂરી આવી ગઈ? ના રે, ના! એ વન્ય હરિણી પોતે પોતાને કબ્જે રાખી શકતી નથી, પલકવારમાં તે કોણ જાણે ક્યારે સ્વપ્નવત્ છટકી જાય છે. એકાદ ક્ષણની લીલા એ સહી શકે; ચિરકાળનાં બન્ધન વહી શકે નહીં. જુઓની, વાયુ અને વૃષ્ટિની કેવી લીલા મચી રહી છે, – શ્યામ વર્ષા પવનની પીઠમાં એક પલકમાં હજારો તીર ફેંકે છે. છતાં તે દુર્ધર્ષ મૃગ અક્ષત, અજિત, મસ્તાનો ધસ્યો જાય છે; – મારી અને તમારી લીલા, પણ, નાથ, આવી જ છે, આ વર્ષાના દિવસોમાં. ચપળાનો શિકાર પ્રાણ અકારા કરીને કરો. તમારાં ભાથામાં જેટલાં શર છે, તમારી પાસે જેટલાં અસ્ત્ર છે, તે એકાગ્ર રીતે સામટાં વરસાવો. કદી અંધકાર હોય છે તો કદી પ્રકાશના ચમકારા થાય છે; કદી ઝરમર મેહ વરસે છે, તો કદી વીજળીના કડાકા થાય છે. માયામૃગી મેઘાચ્છન્ન પૃથ્વી ઉપર નિરંતર નિરંકુશ દોડતી રહે છે.

## મદન અને ચિત્રાંગદા

चित्रांगदा – હે મન્મથ, નથી જણાતું, આપે મારી રગેરગમાં શું ભરી દીધું છે? મારા લોહીમાં મળી જઈ, જલદ મદિરાની માફક, તેણે મને ઉન્મત્ત કરી મૂકી છે. પોતાના ગતિગર્વથી મત્ત થયેલી મૃગી, હું મુક્તકેશે, ઉચ્છૃંખલ વેશે, આખી પૃથ્વી ઉપર દોડાદોડ કરી રહી છું; ધનુર્ધર ઘનશ્યામ – મારા શિકારીને થકવી નાખી તેમની આશા હતપ્રાય કરી છે, અને તેમને આ જંગલમાં કેડીએ કેડીએ ભટકાવી રહી છું. વિજયના નિર્દય આનંદમાં, કૌતુકથી હાસ્ય કરું છું. આ રંગનો ભંગ કરવાથી હું ડરું છું, રખેને ક્ષણવાર સ્થિર થાઉં તો, હૃદય આંસુથી ભરાઈ ફાટી જાય.

मदन – રહો રહો એ રંગનો ભંગ કરશો મા. એ રંગ તો મારો છે. છૂટવા દો બાણ અને તૂટવા દો પ્રાણ. આ નવીન વર્ષામાં, અરણ્ય મહીં મારી મૃગયા મચી છે. અરે, એને થકવી નાખો થકવી; કરો એને પદાનત; બાંધો એને દઢપાશમાં; દયા મા કરો, હસી હસીને એને ઢીલો કરી નાખો,

અમૃત અને વિષ પાયેલાં તીક્ષ્ણ વાગ્બાણ છોડો એના હૃદય પર; શિકારમાં ન હોય દયાને સ્થાન.

## અર્જુન અને ચિત્રાંગદા

अर्जुन – કોઈ ભવન નથી તમારું, પ્રિયે, જ્યાં વિરહ-દુઃખે તમારાં પ્રિય પરિજન કલ્પાંત કરી રહ્યાં હોય? નિત્ય સ્નેહ-સેવાથી સુધામય કરી રાખેલી જે આનન્દપુરીનો પ્રદીપ તમારા અરણ્યમાં આવી રહેવાથી હોલાઈ ગયો હોય? તમારાં બાળપણનાં સંસ્મરણો જે સ્થાને રુદન કરતાં કરતાં પહોંચે એવું સ્થાન નથી કોઈ?

चित्रांगदा – આ પ્રશ્ન શા? શું ત્યારે મઝા પૂરી થઈ? તમે દેખો છો તે જ હું છું, તેથી વિશેષ પરિચય આપું એમ નથી. પ્રભાતે કિંશુકપલ્લવની અણી ઉપર જે હિમબિન્દુ ડોલે છે તેને કાંઈ નામઠામ હોય છે? એની પાસે કાંઈ પરિચય મળે છે? તમે જેને ચાહો છો તે પણ એવી જ એક હિમકણિકા છે, – નામઠામ વિનાની.

अर्जुन – પૃથ્વી ઉપર એને કાંઈ બંધન નથી? શું પૃથ્વી ઉપર ભૂલું પડેલું એક સ્વર્ગબિન્દુ માત્ર છે એ?

चित्रांगदा – સાચે જ. માત્ર પલકવાર જ અરણ્યના કુસુમને એણે પોતાની ઉજ્જ્વલતા આપી છે.

अर्जुन – તેથી જ, 'તું ખોવાઈ ખોવાઈ' એમ, પ્રાણ સદા પુકારી રહ્યા છે. નથી થતી તૃપ્તિ કે નથી વળતી શાન્તિ, સુદુર્લભે, આવ, મારી વધારે લગોલગ આવ. બીજાં મનુષ્યોની જેમ નામ, ધામ, ગોત્ર, ગૃહ, દેહ, મન, વાચા વગેરે સહસ્ર બંધનોમાં, તુંયે બંધા કે ચોબાજુથી તારો સ્પર્શ કરું અને અખંડ નિર્ભયતામાં હું વાસ કરું. તારે નામ નથી? ત્યારે હૃદયમંદિર મહીં કયા પ્રેમમન્ત્રે તારા જાપ જપીશ? ગોત્ર નથી, ત્યારે કયા મૃણાલે આ કમળ પકડી રાખીશ?

चित्रांगदा – ના, નથી, નથી. જેને બાંધવા ઇચ્છો છો તેણે ક્યાંય બંધન જાણ્યાં નથી. તે કેવળ મેઘની સુવર્ણપ્રભારૂપ, કુસુમની ગંધરૂપ, તરંગની લીલારૂપ છે.

अर्जुन – આવાને જે ચાહે તે તો અભાગી જ હોય! પ્રિય, ધરો મા પ્રેમીને આકાશકુસુમ. સુખમાં તેમ દુઃખમાં, સારે તેમ નરસે દિવસે છાતીસરસું

ચાંપી રખાય એવું કાંઈ ધન તેને આપો.

चित्रांगदा – હજી વર્ષ તો પૂરું થયું નથી એટલામાં જ કંટાળ્યા? હાય હાય, હમણાં જ હું સમજી કે પુષ્પનું સ્વલ્પ આયુષ્ય તે દેવનો આશીર્વાદ જ છે. ગત વસન્તનાં પુષ્પ સાથે આ મોહનતનુ ખરી પડ્યું હોત તો તેનું મરણ ધન્ય થાત. વધુ દિવસ નથી રહ્યા, પાર્થ! જે કાંઈ રહ્યા છે તેટલા દિવસમાં તમારી તૃષા તૃપ્ત કરી આનન્દ-મધુ ધરાઈ ધરાઈ પી લો. પછી પેલો મધુ-તરસ્યો ભમરો કાલ સાંજે આપણે ચૂંટી લીધેલા માધવી પુષ્પની આશે આશે ભમતો હતો તેમ ફરી ફરીને મારી સ્મૃતિની માયાજાળમાં વારંવાર આવશો નહીં.

## વનવસીઓ અને અર્જુન

वनवासी – હાય હાય અમારું કોણ રક્ષણ કરશે?

अर्जुन – કેમ, શું છે?

वनवासी – ઉત્તરના પહાડોમાંથી ચોરોનાં ધાડેધાડાં ચોમાસાના જલધોધ પ્રમાણે ગામનો નાશ કરવા તૂટી પડ્યાં છે?

अर्जुन – આ રાજ્યમાં કોઈ રક્ષક નથી?

वनवासी – રાજકુમારી ચિત્રાંગદા દુષ્ટોનું દમન હતાં. તેમના ત્રાસને લીધે યમભય સિવાય રાજયમાં બીજો કોઈ ભય નહોતો. સાંભળ્યું છે કે તે તો અજ્ઞાત ભ્રમણવ્રત લઈ તીર્થપર્યટને ગયાં છે.

अर्जुन – ત્યારે શું આ રાજ્યનો રક્ષક કોઈ રમણી છે?

वनवासी – એક દેહે તે, અનુરક્ત પ્રજાજનનાં માતા કહો તો માતા અને પિતા કહો તો પિતા, બન્ને છે. સ્નેહમાં તે રાજમાતા અને શૌર્યમાં યુવરાજ છે. (જાય છે)

(ચિત્રાંગદા પ્રવેશ કરે છે)

चित्रांगदा – શો વિચાર કરો છો, નાથ?

अर्जुन – રાજકન્યા ચિત્રાંગદા કેવાં હશે તેનો વિચાર કરું છું. દરરોજ અનેક મુખે તેમની નવી નવી અપૂર્વ વાતો સાંભળું છું.

चित्रांगदा – અરે, એ તો કુત્સિત, કુરૂપ છે. આવી વક્ર ભ્રૂકુટિ નથી તેની, તેમ નથી તેની કીકી આવી કાળી કામણગારી. તેના કઠણ સબળ બાહુને ગમે તે લક્ષ્ય વીંધતાં આવડે છે, પણ નથી આવડતું તેને આવા

સુકોમલ નયનપાશમાં વીર હૃદયને બાંધતાં.

अर्जुन – પરંતુ મેં તો સાંભળ્યું છે કે સ્નેહમાં તે સ્ત્રી છે અને શૌર્યમાં તે પુરુષ છે.

चित्रांगदा – અરેરે, એ જ તેનું મન્દભાગ્ય છે. સ્ત્રી જ્યારે કેવળ સ્ત્રી હોય; કેવળ ધરણીની શોભારૂપ, કેવળ પ્રકાશરૂપ, કેવળ સ્નેહરૂપ હોય; – અનેક સુમધુર વિભ્રમ અને નાના પ્રકારનાં લાડ કરતી, ક્ષણે ક્ષણે, ઢળી, વળગી, વીંટળાઈ, હસી, રડી, સેવાથી અને સ્નેહથી ઢાંકી દઈ સદાય જોઈ રહે, તો જ તેનો જન્મ સાર્થક છે. તેને કીર્તિ, વીર્ય, પાંડિત્ય શા ખપનાં છે? હે પૌરવ, આ જ વનમાર્ગ પાસે, આ જ પૂર્ણાતીરે, એ જ દેવાલયમાં તમે તેને કાલે જોઈ હોત તો હસીને ચાલ્યા જાત. હાય હાય, સ્ત્રીના સૌન્દર્ય ઉપર આજ એટલી બધી અરુચિ થઈ ગઈ છે કે સ્ત્રીમાં પૌરુપનો સ્વાદ શોધવા નીકળ્યા છો!

આવો નાથ, જુઓ પર્વતની ગુહા આગળ પેલી ઘટ્ટ છાયા; ત્યાં તેને ઝરણાંની ફરફરથી ભીંજવી, કંઈક પીળી, કંઈક શ્યામવર્ણી, કૂંળી કૂંળી કૂંપળો તોડીને મેં આપણે માટે મધ્યાહ્નશય્યા બિછાવી રાખી છે. ગાઢ પલ્લવની છાયામાં બેસી, કપોત ક્લાન્ત કંઠે આર્ત સ્વર કરે છે: ''વેળા જાય છે,'' ''વેળા જાય છે.'' ત્યાં, છાયા તળેથી નદી કલકલ રવે વહી રહી છે. શિલાના પડેપડ ઉપરની સરસ, સુસ્નિગ્ધ, જલાર્દ્ર, શ્યામલ શેવાલ કોમળ અધર વડે નયનને ચુંબન કરે છે. ચાલો નાથ, તે વિરલ વિરામસ્થાને.

अर्जुन – આજ નહીં પ્રિયે.

चित्रांगदा – કેમ નાથ?

अर्जुन – સાંભળ્યું છે કે ગામનો નાશ કરવા ચોરનું ધાડું આવે છે. ભયભીત જનોની વહારે ધાઈશ હું તો.

चित्रांगदा – તેની ચિંતા કરવા જેવું નથી, પ્રભુ, તીર્થયાત્રાએ જતી વખતે રાજકુમારી ચિત્રાંગદા દશે દિશાએ હોશિયાર પહેરેગીરો બેસાડી ગઈ છે. ભયના સર્વ માર્ગ બહુ વિચાર કરી બંધ કરી ગઈ છે.

अर्जुन – તોય કરો, પ્રિયે, આજ્ઞા. મારું કર્તવ્ય બજાવી હું પાછો વળીશ. આ ક્ષત્રિયબાહુ બહુ દિવસ થયાં આળસુ પડ્યા રહ્યા છે. સુમધ્યમે, ક્ષીણકીર્તિ એ ભુજદ્વયને પુનઃ નવીન ગૌરવથી શોભાવી તારા મસ્તક નીચે

જતન કરી રાખીશ; ત્યારે જ થશે તે તારે યોગ્ય ઉપધાન.

चित्रांगदा – ન જવા દઉં તો? બાંધી રાખું તો? ભુજબંધ તોડીને જશો? જાઓ ત્યારે. પરંતુ યાદ રાખજો કે લતા એક વાર તૂટી તે ફરી સંધાતી નથી. તૃપ્ત થયાં હો તો જાઓ, હું ના નથી કહેતી; પણ જો તૃપ્ત ન થયા હો તો તો યાદ રાખજો કે ચંચળ સુખલક્ષ્મી કોઈને માટે બેસી રહેતી નથી; તે કોઈની સેવાદાસી નથી; તેની સેવા કરે છે સૌ નરનારી; જેટલા દિવસ પ્રસન્ન થઈને રહે તેટલા દિવસ સૌ ભયમાં ને ભયમાં રાતદિવસ તેની નજર રાખે છે. સુખકલિકાને પડતી મૂકી જશો પણ કર્મક્ષેત્રમાંથી સન્ધ્યાકાળે પાછાં વળતાં તેની પાંખડી વેરાઈ ગયેલી, ધૂળમાં ખરી પડેલી તમે જોશો, ત્યારે તમારાં સૌ કર્મ તમને વ્યર્થ લાગશે. તમારા જીવનમાં સદાકાળ એક અતૃપ્તિ જાગતી રહેશે. આવો, નાથ, બેસો. કેમ આજે આટલા વ્યગ્રચિત્ત છો? કોના વિચાર મનમાં ઘોળાય છે? ચિત્રાંગદાના? આજ તેનું આવડું ધનભાગ્ય?

अर्जुन – વિચારું છું કે એ વીરાંગનાએ શા અર્થે આવાં કઠોર વ્રત આદર્યાં છે? તેને શી ન્યૂનતા છે?

चित्रांगदा – તેને શી ન્યૂનતા છે? હતું જ શું તે અભાગિની પાસે? તેના વીર્યે તો ચોમેર અભ્રભેદી દુર્ગમ દુર્ગ બની તેના રુદન કરતા હૃદયને ઘેરી રાખ્યું હતું. રમણી તો સ્વભાવે જ અન્તર્વાસિની છે; પોતામાં જ તે ગુપ્ત રહે છે; તેના હૃદયનું પ્રતિબિંબ દેહની શોભામાં પડતું ન હોય તો કોણ તેને જોઈ શકે? તેને શી ન્યૂનતા છે? અરુણ-લાવણ્ય-લેખા વિનાની ચિરનિષ્પ્રભ ઉષા શી જે રમણી શૌર્યમેરુના શૃંગ ઉપર, શતપટ તિમિરથી ઢંકાયલી એકલી એકલવાયી બેસી રહે તેને શી ન્યૂનતા? રાખો, રાખો, હવે એની વાત! તેનો ઇતિહાસ પુરુષના કર્ણને કદી મધુર લાગે તેવો નથી.

अर्जुन – તોયે બોલો. મારી શ્રવણ-લાલસા વધતી જાય છે. તેના હૃદયની મને મારા હૃદયમાં ઝાંખી થાય છે. હું જાણે, મધરાતે કોઈ અદ્ભુત સ્થાને જઈ ચઢેલા પ્રવાસી જેવો છું; નદી, ગિરિ, વનભૂમિ નિદ્રસ્થ જણાતાં હોય, શુભ્ર અટારીઓ અને ઘુમ્મટોવાળી નગરી છાયા જેવી ઝાંખી ઝાંખી દેખાતી હોય, દૂરથી સાગરનું ગર્જન માત્ર સંભળાતું હોય; અને જેમ તે પ્રવાસીને થયાં કરે કે ક્યારે પ્રભાત ફૂટે અને બધું સૌન્દર્ય સ્પષ્ટ જોઉં; તેમ હું

પણ, ઉત્સુક હૃદયે તેની પ્રતીક્ષા કરી રહ્યો છું. બોલો, બોલો, સાંભળું તેની કથા.

चित्रांगदा  હવે વળી વધુ શું સાંભળશો?

अर्जुन – હું તેને અશ્વારૂઢ થયેલી, ગર્વથી વામ કરમાં લગામ અને દક્ષિણ કરમાં ધનુષ્ય ઝાલી, નગરની વિજયલક્ષ્મી શી પીડિત પ્રજાજનોને અભયદાન દેતી જોઉં છું. રાજાનો મહિમા રંકના સાંકડા બારમાં પ્રવેશ કરતાં નાનમ માને છે, ત્યાં તે માતૃરૂપ ધરી દયા ફેલાવી રહી છે. સિંહણ શી તે, પોતાનાં વત્સગણનું ચોમેરથી રક્ષણ કરી રહી છે, શત્રુની મગદૂર નહીં કે તેની પાસે ફરકે. મુક્તલજ્જ, ભયહીન, પ્રસન્નહાસિની તે, જગદ્ધાત્રી દયા શી, વીર્યસિંહ ઉપર સવાર થઈને ફરે છે. એ રમણીના સુન્દર બાહુને વિષે જે સહજ બળ સ્વાધીનભાવે વિરાજે છે તેની આગળ ખણખણતાં કંકણ કાંઈ વિસાતમાં નથી. અયિ વરાંગને, બહુ દિન થયા કર્મશૂન્ય થયેલો મારો પ્રાણ, શિશિરની દીર્ઘ નિદ્રામાંથી જાગ્રત થયેલા ભુજંગની માફક અશાન્ત થઈ ઊછળી રહ્યો છે. ચાલો ચાલો આપણે બન્ને મસ્ત અશ્વો ઉપર સવાર થઈ સાથે સાથે છૂટીએ મહાવેગે, દીપ્ત જ્યોતિર્બિમ્બનાં જોડલાં શાં. આ રૂંધતા વાતાવરણમાંથી, આ સખ્ત પુષ્પગંધની મદિરાથી નિદ્રાઘનઘોર અરણ્યના ગાઢ અંધકારમાંથી નાસી છૂટીએ.

चित्रांगदा – હે કૌન્તેય, આ લાલિત્ય, આ કોમળ ભીરુતા, સ્પર્શભયથી સંકોચાતા શિરીષ સરખું સુકુમાર આ રૂપ છિન્ન કરી, પારકાં વસ્ત્રની માફક તિરસ્કારથી તજી દઈ, ધૂળમાં રોળી દઉં તો તે ક્ષતિ સહેવાશે તમથી? કામિનીની કપટકળા અને માયામંત્ર દૂર કરી દઈ, કેવળ અડગ હૃદયબળથી સીધી ટટ્ટાર ઊભી રહી, – વાયુના હિલ્લોલે સહેજ લળી સુંદર દીસતા પર્વતના તેજસ્વી તરુણ તરુ જેવી, પરંતુ નહીં કોઈ સદાય લૂલી લતિકા સમી, – તો શું પુરુષની દૃષ્ટિને તે ગમશે? જવા દો જવા દો, હવે, તેના કરતાં તો આ જ ઠીક છે. મારું બે દિવસનું બહુમૂલું ધન – આ યૌવન, અતિ યત્નપૂર્વક શણગારી, હું આપની પ્રતીક્ષા કરતી બેસી રહીશ; જ્યારે તમે પાછા આવશો ત્યારે મારું અમૃત દેહપાત્રમાં છલોછલ ભરી આપને પાન કરાવીશ; પી પીને ધરાઓ ત્યારે કામ શોધવા ચાલ્યા જજો. હું જૂની થાઉં ત્યારે મને જ્યાં સ્થાન આપશો ત્યાં પડી રહીશ. રાત્રિની ક્રીડા-સહચરી

દિવસની કાર્ય-સહચરી થાય. વામ બાહુસમ દક્ષિણ બાહુની સતત અનુચરી થઈ રહે, તો શું તે આપના વીર હૃદયને રુચશે?

अर्जुन – હું તારું રહસ્ય સમજી શકતો નથી. આટલા દિવસ થયા છતાંયે જાણે એ શોધ્યું જડતું નથી. સદા ગુપ્ત રહી, જાણે તું મને છેતરે છે; જાણે કોઈ દેવીશી, પ્રતિમામાં અંતર્હિત રહી તું મને અમૂલ્ય ચુંબનરત્નનું અને આલિંગનસુધાનું દાન કરે છે. તું પોતે કાંઈ ઇચ્છતી નથી, લેતી નથી. અંગહીન, શબ્દહીન પ્રેમ પ્રતિક્ષણે અંતરમાં પરિતાપ જગવે છે. તેજસ્વિની, તારો કાંઈક પરિચય મહીં મહીં તારી વાતોમાંથી મને મળે છે. તેના આગળ તારો આ સૌન્દર્યરાશિ મને કેવળ માટીની મૂર્તિ લાગે છે, કોઈ નિપુણ ચિત્રકારે ચીતરેલી જવનિકા લાગે છે. મહીં મહીંથી તારી ખિન્ન દષ્ટિના અગમ્ય ઊંડાણમાં પોતાના અર્થની વિડંબના કરતા તારા વિનોદમય શબ્દોમાં, તારા કામાલસ લાવણ્યનું અવગુંઠન તોડી, બહાર નીકળવાનો પ્રયત્ન કરી રહેલા કોઈ આત્માની ઝાંખી થાય છે. તારા ઉજ્જ્વલ હાસ્યમાં નર્યાં અશ્રુ વાસ કરી રહ્યાં છે, મહીં મહીંથી તે છલકાઈ જાય છે. જાણે ઘડીમાં અવગુંઠન તૂટીને ફાટી જશે. ભકત પાસે પ્રથમ તો ભ્રાન્તિ જ મનોહર માયારૂપ ધારણ કરી આવે છે; સત્ય તો, ત્યાર પછી જ, ભૂપણની ઉપાધિ-રહિત પ્રકટ થાય છે – અંતરમાં અને બહાર પ્રકાશ પાડતું ક્યાં છે તે સત્ય તારામાં? आप मने ते सत्य. मारामां जे सत्य होय ते तुं छे. ખરું મિલન તો ત્યારે જ થશે – ચિરકાલીન શ્રાન્તિહીન. પણ, પ્રિયે, આ આંસુ શાને? કર વડે મુખ કેમ ઢાંકે છે? આ વ્યાકુળતા શી? પ્રિયતમે, મેં તને દૂભવી? ચાલ ત્યારે જવા દે એ વાત. એ તારા મનોહર રૂપને જ મારાં પુણ્યનું ફળ સમજીશ. આ યૌવનયમુનાની પેલે પારથી વસન્તસમીર સાથે સરી આવતું સંગીત જે મહીં મહીંથી સંભાળાય છે તેને જ મારું ધનભાગ્ય માનીશ. આ મારી વેદના, સુખથી અધિક સુખ, આશાથી અદકી આશા, હૃદય કરતાંયે મોટી હોઈ હૃદયમાં સમાતી નથી; તેથી જ તે હૃદયવ્યથા હોય એમ લાગે છે, પ્રિયે.

## મદન, વસન્ત અને ચિત્રાંગદા

मदन – આજ છેલ્લી રાત છે.

वसन्त – આજની રાત પૂરી થયે તારી અંગશોભા વસન્તના અક્ષય ભંડારમાં

પાછી જશે; પાર્થની ચુંબનસ્મૃતિ ભૂલી જઈ, તારો અધરરાગ, લતિકા ઉપરનાં બે નવકિસલયમાં ફૂટશે; તારા અંગનો વર્ણ, અનેક શ્વેત પુષ્પોમાં નવજીવન પામી, નવી જાગૃતિની સાથે, સ્વપ્ન પ્રમાણે, ગતજન્મની કથા વીસરશે.

चित्रांगदा – હે અનંગ, હે વસન્ત, ત્યારે આજ રાત્રે લુપ્ત થનારું મારું આ રૂપ, પાછલી રાતની હોલાતી દીપશિખાના અંતિમ ઝબકારાની માફક, અતિ ઉજ્જ્વલ પ્રકાશથી ઝબકી ઊઠે એમ કરો.

मदन – જા, તેમ થશે. મિત્ર, ત્યારે દક્ષિણ પવન ખૂબ જોસથી ફૂંકો. યૌવનનો મન્દ પડેલો સ્રોત્ર, નવીન ઉલ્લાસે, અંગે અંગે પુનઃ ઊછળી રહો. આજ મારાં પંચ પુષ્પશરથી રાત્રિની નિદ્રા ભેદી, એકમેકના બાહુપાશમાં બંધાયલાં તે બન્ને પ્રેમીઓના દેહ ભોગવતી તટિનીના ઊછળતા તરંગોમાં ઝબોળીશ.

## શેષ રાત્રિ

## અર્જુન અને ચિત્રાંગદા

चित्रांगदा – પ્રભુ, છીપી છે તૃષા? આ સુલલિત, સુગઠિત, નવનીતસમા મૃદુ સૌન્દર્યમાં જે સુગંધ હતી, જેટલું મધુ હતું તે સઘળાનું કરી લીધું પાન? હવે કાંઈ રહ્યું છે બાકી? છે કાંઈ અપેક્ષા હજી? ખાલી થઈ ગયું મારું સર્વસ્વ? – નહીં, નહીં, પ્રભુ! સારુંનરસું કાંઈક તો બાકી રહ્યું છે. તેનો આજે ભોગ ધરીશ.

પ્રિયતમ, આપને ઠીક લાગ્યાં એમ માની આ સૌન્દર્યપુષ્પો અનેક સાધના સાધી સ્વર્ગોદ્યાનમાંથી ચૂંટી લાવી આપના ચરણકમલે મેં ધર્યાં હતાં. પૂજા જો પરિપૂર્ણ થઈ હોય તો આજ્ઞા કરો, પ્રભુ, નિર્માળ મન્દિર બહાર ફેંકી દઉં. હવે કરો પ્રસન્ન દૃષ્ટિ આપની સેવિકા ઉપર.

જે પુષ્પથી મેં આપની પૂજા કરી છે, તે પુષ્પ જેવી સુમધુર, સુકોમળ, સર્વાંગસુંદર તો હું કદાપિ નથી જ. મારામાં દોષ છે, ગુણ છે; પાપ છે, પુણ્ય છે; ઘણુંયે દૈન્ય પણ છે; અને છે વળી આજન્મની ઘણીયે અતૃપ્ત તૃષા. હું તો સંસારપથે એક પ્રવાસિની છું, મેલાં છે મારાં વસ્ત્ર, ઉઝરડા પડ્યા છે મારા ચરણે; ક્યાંથી મળે મને કુસુમલાવણ્ય, બે ઘડીના જીવનની નિષ્કલંક શોભા! પરંતુ મારી પાસે છે એક अक्षय, अमर, रमणी-हृदय. દુઃખ, સુખ, આશા, ભય, લજ્જા, દુર્બળતા–ધૂળવાળી ધરણીની કૂખે પાકેલા

આ સન્તાનમાં કેટલો ભય, કેટલી વ્યથા, કેટલો પ્રેમ, સઘળાં એકસાથે ભેગાં થયાં છે. તેનામાં એક સીમાહીન અપૂર્ણતા છે – અનન્ત અને ઉદાત્ત. કુસુમસૌરભથી તૃપ્ત થયા હો તો હવે કરો કૃપાદષ્ટિ આ જન્મજન્માંતરની સેવિકા ઉપર.

## સૂર્યોદય

(અવગુંઠન રહિત)

હું રાજકુમારી ચિત્રાંગદા છું. સાંભરે છે આપને, એક દિવસ તે સરોવરતીરે, શિવાલયમાં એક સ્ત્રી આપની સમક્ષ આવી હતી, તેની રૂપહીન કાયા ઉપર અનેક આભરણોનો ભાર ભરીને. તે લાજ વિનાની કોણ જાણે શું શું બકી ગઈ હતી! પુરુષોચિત રીતે તેણે પુરુષની આરાધના કરી હતી. આપે તેને તરછોડી હતી. એ ઠીક જ કરેલું. જો તે સામાન્ય નારીરૂપમાં આપે તેનો સ્વીકાર કર્યો હોત તો તેનું હૃદય મરણપર્યંત અનુતાપથી પ્રજળ્યાં કરત. પ્રભુ, હું તે જ સ્ત્રી છું. ખરી રીતે તો હું તે સ્ત્રીયે નથી. તે તો હતો મારો અધમ કપટવેશ. ત્યાર પછી વસન્તના વરદાનથી મને એક વર્ષ માટે અદ્‌ભુત સૌન્દર્ય પ્રાપ્ત થયું. તેની છલનાના ભારે આપના વીર હૃદયને મેં થકવી નાખ્યું. તે પણ હું નથી.

હું ચિત્રાંગદા છું. નથી હું દેવી કે નથી હું કોઈ સામાન્ય સ્ત્રી. પૂજા કરી માથે ધરી રાખો તેવીયે હું નથી, તેમ અવગણના કરી પછી માત્ર તેનું ભરણપોષણ કર્યા કરો તેવીયે હું નથી. સંકટના પથમાં મને આપની પાસે રાખો, આપની ગૂઢ ચિંતામાં મને ભાગ લેવા દો, આપના કઠિન વ્રતમાં સહાય થવા મને અનુમતિ આપો, આપના સુખદુઃખની મને સાથી બનાવો, ત્યારે જ આપને મારો પરિચય થશે. આપના જે સંતાનને હું ગર્ભમાં ધારણ કરી રહી છું તે જો પુત્ર અવતરશે તો બાળપણથી જ તેને વીરશિક્ષણ આપી તેને બીજો અર્જુન બનાવી, એક દિન તેના પિતાને ચરણે ધરીશ, ત્યારે જ મને ઓળખી શકશો, મારા પ્રિયતમ!

આજ તો આપના ચરણે અર્પું છું ચિત્રાંગદા, રાજેન્દ્રનન્દિની.

अर्जुन – પ્રિયે, આજે હું ધન્ય થયો.

# વિદાયનો શાપ

[દેવોની આજ્ઞાથી બૃહસ્પતિપુત્ર કચ દૈત્ય ગુરુ શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા શીખવા માટે જાય છે. ત્યાં એક હજાર વર્ષ રહે છે. તે દરમ્યાન નૃત્યગીતવાદ્ય દ્વારા ગુરુકન્યા દેવયાનીનું મનોરંજન કરી, પોતાનું કાર્ય સિદ્ધ કરી તે દેવલોકમાં પાછો ફરે છે. દેવયાનીની પાસે વિદાય લેતી વેળાનો પ્રસંગ નીચે વર્ણવ્યો છે.]

**કચ અને દેવયાની**

कच – આજ્ઞા આપો, દેવયાની, સેવક હવે દેવલોક તરફ પ્રયાણ કરશે. આજે ગુરુગૃહવાસ મારો પૂરો થયો છે. મને આશીર્વાદ દો કે જે વિદ્યા શીખ્યો છું તે ઉજ્જ્વલ રત્ન અંતરમાં ચિરકાળ ઝગ્યાં કરે – સુમેરુ શિખર ઉપર સૂર્ય ઝગ્યાં કરે છે તેમ, – અક્ષય્યકિરણ.

देवयानी – તારા મનોરથ પૂરા થયા, આચાર્ય પાસેથી દુર્લભ વિદ્યા પામ્યો. સહસ્ર વર્ષની તારી દુઃસાધ્ય સાધના આજે સિદ્ધ થઈ છે. નથી રહી જતી બીજી કાંઈ કામના? અંતરમાં જરા વિચારી તો જો.

कच – બીજું કાંઈ નથી રહી.

देवयानी – કાંઈ નથી? હજી ફરી એક વાર જોઈ લે, હૃદયના તળિયા સુધી ડૂબકી મારીને તપાસી જો; અન્તરના કોઈ ખૂણામાં કાંઈ વાંછના રહી ગઈ હોય, દર્ભના અંકુર જેવી, સ્થૂલ દષ્ટિને અગોચર, તોયે અત્યંત તીણી.

कच – આજે જીવન પરિપૂર્ણ કૃતાર્થ થયું છે. અંતરમાં ક્યાંયે, કશી તૃષ્ણા, કશી વાંછના નથી રહી, સુલક્ષણે!

देवयानी – ત્યારે તો ત્રણે લોકમાં તારો જેવો સુખિયો કોઈ નહીં. જા હવે ઇન્દ્રલોકમાં તારે કામે, તારે ઉચ્ચ શિરે યશ લઈને. સ્વર્ગલોકમાં ચોમેર આનંદધ્વનિ થઈ રહેશે. મનોહર સૂરે મંગલ શંખનાદ થઈ રહેશે. સુરાંગનાઓ તારા મસ્તક ઉપર તાજી ચૂંટેલી નન્દનવનની મન્દારમંજરી સાથે પુષ્પવૃષ્ટિ કરશે. સ્વર્ગપથે અપ્સરાઓ અને કિન્નરીઓ કલકંઠે આનંદધ્વનિ કરશે. હાય, વિપ્ર, એકલવાયા વિદેશમાં, અતિ કઠોર અધ્યયનમાં, તારા દિવસ કેટલા કષ્ટમાં વીત્યા હશે! તને તારા સુખી ઘરની યાદ અપાવે અને તારા દેશવટાનું

દુ:ખ ભુલાવે એવું ખરે જ અહીં કોઈ ન હતું. અમે તો અમારી ગરીબ ઝૂંપડીમાં જે હતું તે વડે તું–અતિથિનું યથાશક્તિ પૂજન કર્યું છે. પણ તેમાં તને સ્વર્ગસુખ ક્યાંથી સાંપડે. અહીં તને ક્યાંથી મળે સલૂણું મુખડું સુરાંગનાનું? સુખલોકમાં પહોંચ્યા પછી અમારા આતિથ્યની ઊણપ તને ખટકે નહીં એટલી આશા કરું છું.

कच – એવું ના બોલો, આજે મંગલમય હાસ્યે, પ્રસન્ન મુખે દાસને વિદાય દેવી ઘટે.

देवयानी – હાસ્યે? હાય સખા, ન હોય આ તારી સ્વર્ગપુરી. અહીં તો પુષ્પમાંના કીડાની પેઠે તૃષ્ણા અંતરમાં સદા જાગતી રહે છે. વાંછિતની આસપાસ વાસના ભમ્યાં કરે છે, મુકુલિત કમળની આસપાસ તિરસ્કૃત ભ્રમર વારંવાર ભમ્યા કરે તેમ. અહીં તો સુખ જવા પછી સૂના હૈયામાં સ્મૃતિ એકલી બેસીને લાંબા નિસાસા નાખવાની. અહીં હસવાં આવવાં સહેલાં નથી. જા બાપુ, વૃથા વખત વિતાડ્યે શું વળશે? દેવો તારી વાટ જુએ છે.

શું ચાલ્યો? બે બોલમાં બધું પતી ગયું? હજાર વર્ષના સહવાસને અન્તે આવી જ શું વિદાય આપવાની ના!

कच – દેવયાની મારો શો અપરાધ થયો છે?

देवयानी – હાય! આ રમ્ય વનભૂમિએ સહસ્ર વર્ષ સુધી તને મીઠી છાયા દીધી છે, પલ્લવનો મર્મરધ્વનિ અને પક્ષીઓનાં કૂજન સુણાવ્યાં છે, – તેને આજે આટલી સહેલાઈથી છોડી જઈશ? વૃક્ષોની ઘટા જાણે મ્લાન થઈ ગઈ છે, જો આજની વનચ્છાયામાં વધારે ગાઢ શોકથી અંધકાર દેખાય છે, વાયુ કરુણ રુદન કરી રહ્યો છે, સૂકાં પાંદડાં ખરી રહ્યાં છે. શું તું માત્ર ચાલ્યો જઈશ, અધર ઉપર હાસ્ય સાથે – નિશાને અન્તે સુખસ્વપ્ન સમો?

कच – દેવયાની, આ વનભૂમિને તો હું માતૃભૂમિ ગણું છું. અહીં મને નવો જન્મ પ્રાપ્ત થયો. એના પ્રત્યે મારો અનાદર હોય? અતિ પ્રેમ સાથે સદાકાળ તેને યાદ કરીશ.

देवयानी – આ પેલો વડ. જેની તળે તું દરરોજ ગાયોનાં ધણ ચરાવવા મધ્યાહ્નના ખરા તાપમાં નિદ્રા લેતો. તારી શ્રમિત કાયા ઉપર અતિથિવત્સલ

વૃક્ષ ખૂબ છાયા ઢાળતું, પલ્લવ વડે ઝનઝન થતા મૃદુ સ્વર સાથે વીંજણો નાખી તને મીઠી નિદ્રા લાવતું. જજે સખા, પણ થોડી વાર તો આ પરિચિત વૃક્ષ તળે છેલ્લી વાર બેસી તેની શીળી છાયાની વિદાય લઈ લે; ઘડીક રોકા. એટલી વારમાં તારા સ્વર્ગમાં કાંઈ આઘુંપાછું નહીં થઈ જાય.

कच – આ સઘળા ચિરપરિચિત બન્ધુગણ વિદાયને સમયે જાણે નવાં નવાં લાગે છે. ભાગતા પ્રિયજનને બાંધી રાખવા માટે સ્નેહની વિહ્‌વલતાને લીધે, પાથરી રહ્યાં છે સઘળાં તેમનાં નવાં બન્ધજાલ, વિસ્તારી રહ્યાં છે તેમની છેલ્લી વિનંતી, ઢાલવી રહ્યાં છે તેમનો અપૂર્વ સૌન્દર્યરાશિ. હે વનસ્પતિ! આશ્રિતજનના બન્ધુ, નમસ્કાર કરું છું. કેટલાયે પ્રવાસીઓ બેસશે તમારી છાયા તળે; મારા જેવા કેટલાયે વિદ્યાર્થીઓ તમારી ગુપ્ત, નીરવ નિર્જન છાયા તળે તૃણાસને બેસીને ભમરાના જેવો મધુરો ગણગણાટ કરતા અધ્યયન કરશે; પ્રાતઃસ્નાન કરી ઋષિબાળકો આવીને તેમનાં ભીનાં વલ્કલ તમારી ડાળીઓ ઉપર સૂકવશે; ગોવાળોનાં ટોળાં મધ્યાહ્‌ને ખેલશે, ત્યારે તેઓની મધ્યે આ પુરાણો બન્ધુ જાણે સ્મૃતિરૂપે વિરાજશે.

देवयानी – અને ભૂલીશ મા અમારી હોમધેનુને. સ્વર્ગસુધાનું પાન કરી ગર્વમાં તેને વિસારીશ મા. પુણ્ય ગાયનાં પય પીધાં છે.

कच – એ તે કેમ બનશે? સુધાથીયે વિશેષ સુધામય તેનાં દૂધ; તે ધેનુને દેખતાંની સાથે પાપનો નાશ થાય છે, એવી છે તે માતૃરૂપ, શાંતિસ્વરૂપ, શુભ્રવર્ણી પયસ્વિની. તેની સેવા કરવામાં નથી ભાન રહ્યું મને ભૂખનું, તરસનું કે થાકનું. ગાઢ વનમાં, હરિયાળીવાળી નદીને તીરે તેની સંગાથે ઘણા દિવસ હું ફર્યો છું. તટના ઢોળાવ ઉપરનું સુંવાળું, કૂણું ઢગલેઢગલા ઘાસ મરજીમાં આવે તેટલું, ધરાઈને ચર્યા પછી ઝાડની છાયા મળે એટલે આળસથી ભારે થયેલા શરીરે તૃણભૂમિ ઉપર પડી પડી આખો દિવસ તે વાગોળતી; વચમાં વચમાં પોતાનાં વિશાળ નયને, ઉપકારભરી શાન્ત દૃષ્ટિએ ગાઢ સ્નેહચક્ષુથી મારું શરીર તે ચાટતી. કદી નહીં ભૂલું હું તે દૃષ્ટિ – સ્નેહભરી, અચંચલ; અને તેની કાયા – પરિપુષ્ટ, શુભ્ર, સ્નિગ્ધ.

देवयानी – અને અમારી કલકંઠી વેણુમતી નદીને પણ ભૂલીશ મા.

कच – તેને કેમ ભૂલું?

તે વેણુમતી તો કેટલીયે કુસુમિત કુંજોમાં થતી, મધુર કંઠે આનન્દનાં

મીઠાં ગીતડાં વહેતી, ગ્રામ્ય ગૌરી જેવી સદા ત્વરિતગતિ સદા શુભ્રવતી, વિદેશનિવાસની મારી સાથી રહી છે.

देवयानी – હાય બંધુ, આ વિદેશવાસમાં બીજી પણ કોઈ સહચરી તારી સાથે હતી? તારું પર-ઘર વાસનું દુઃખ ભુલાવવાની રાતદિન તે ચિંતામાં રહેતી? – હાય કેવી મિથ્યા આશા!

कच – તેનું નામ તો જીવન સાથે ગૂંથાઈ ગયું છે.

देवयानी – કિશોર બ્રાહ્મણરૂપે તું પ્રથમ અહીં આવેલો તે મને યાદ આવે છે – તરુણ અરુણ જેવું, ગૌરવર્ણું, સ્નિગ્ધ તેજઢાળ્યું તારું રૂપ, ચંદન-ચર્ચિત તારું ભાલ, કંઠે પુષ્પમાલ, તારું પીતામ્બર, તારા અધર ઉપર, નયનમાં રમતું પ્રસન્ન સરળ હાસ્ય. ત્યાં પુષ્પવનમાં તું આવીને ઊભો હતો.

कच – તું તરત સ્નાન કરીને લાંબા ભીના છૂટા કેશે, ધોયેલાં ધોળાં વસ્ત્રવાળી, તેજમાં નહાયેલી મૂર્તિમતી ઉષા જેવી, એકલી, હાથમાં છાબ લઈને પૂજાને માટે તાજાં ફૂલ ચૂંટતી હતી. વિનંતી કરી મેં તને કહેલું, ''આ શ્રમ તમને છાજતો નથી. રજા આપો, દેવી, પુષ્પ ચૂંટી આપું.''

देवयानी – મેં આશ્ચર્ય સાથે તે જ ક્ષણે તારું નામઠામ પૂછેલું. વિનયથી તેં કહેલું, હાં આવ્યો છું તારે બારણે, તારા પિતાની પાસે શિષ્ય થવા. હું બૃહસ્પતિનો પુત્ર.

कच – મારા મનમાં શંકા હતી કે રખેને દાનવના ગુરુ સ્વર્ગના બ્રાહ્મણને પાછો તો ન કાઢે.

देवयानी – હું તેમની પાસે જઈ હસીને બોલેલી, ''પિતા એક ભિક્ષા છે આપના ચરણમાં.'' સ્નેહથી પાસે બેસાડી, માથે હાથ ફેરવી શાન્ત મૃદુ વચને તેમણે કહેલું, ''તને અદેય એવું કાંઈ નથી.'' મેં કહેલું, ''બૃહસ્પતિપુત્ર આપને બારણે આવ્યા છે, તેમને આપ શિષ્ય કરી રાખો એ પ્રાર્થના છે'' – આજે તેને કેટલાંયે વર્ષો થઈ ગયાં, પણ જાણે એમ લાગે છે કે એ દિવસ ગઈ કાલે જ ગયો.

कच – ઈર્ષાને લીધે દૈત્યોએ ત્રણ વાર મારો વધ કર્યો હતો. પણ તેં દેવીએ દયા કરીને ત્રણે વખત મને સજીવન કર્યો. એ વાત તો મારા હૃદયમાં સદા માટે કૃતજ્ઞતા સજીવન રાખશે.

देवयानी – કૃતજ્ઞતા! એ ભૂલી જાય તો મને કશું દુઃખ નથી. જે ઉપકાર

મેં કર્યો હોય તે ભસ્મ થઈ જાઓ–હું દાનનો બદલો ઇચ્છતી નથી. મનમાં કાંઈ સુખની સ્મૃતિ નથી? જો આનન્દનાં ગાન કોઈ વાર અંતર અને બહાર ગુંજી રહ્યાં હોય, જો કોઈ સન્ધ્યાને સમયે વેણુમતીને તીરે અધ્યયન અવસરે પુષ્પવનમાં બેસીને મનમાં અપૂર્વ રોમાંચ અનુભવ્યો હોય, જો ફૂલના સૌરભ સમા હૃદયના ઉચ્છ્વાસથી સંધ્યા સમયનું આકાશ અને ફૂટતું નિકુંજતલ ભરાઈ ગયું હોય, તો એ સુખકથા મનમાં રાખજે. દૂર જવા દો કૃતજ્ઞતા. હે સખા, અહીં કોઈએ એવું ગાન ગાયું હોય કે જેના સૂરે તારા અભ્યાસમાં આનંદમય વિક્ષેપ પહોંચાડચાનું તને યાદ આવે, કોઈએ એવાં વસ્ત્ર પહેર્યાં હોય જેને જોઈ તારા મનમાં પ્રશંસાની વાણી પ્રગટી હોય અને સંતુષ્ટ, પ્રસન્ન નયને વિચાર્યું હોય કે આજે આ સુંદર દેખાય છે, તો એ વાત અવકાશને સમયે સુખસ્વર્ગધામમાં સંભારજે. આ વન ઉપર દશે દિશાએ આષાઢની નીલ જટા અને શ્યામસ્નિગ્ધ વર્ષાની નવઘનઘટા ઊતરી આવી હતી? અને સતત વૃષ્ટિને લીધે નવરા દિવસોએ સઘન કલ્પનાભારથી હૃદય પીડિત થયું હતું? કેટલી વાર એકાએક વસન્તના બાધા-બન્ધનહીન ઉલ્લાસના હિલ્લોલમાં હીંચતો યૌવન-ઉત્સાહ પ્રકટચો હતો? અને સંગીતમુખર તે આવેગપ્રવાહે લતા, પત્ર, પુષ્પ, વનવનાન્તરમાં વ્યાપ્ત થઈ તેની લહરીએ લહરીએ આનન્દનાં ડૂબકાં ખવડાવ્યાં હતાં? એક વાર વિચારી જો કેટલી ઉષા, કેટલી જ્યોત્સ્ના, કેટલી અન્ધકારભરી પુષ્પ-સુગન્ધઘન અમાવાસ્યાઓ આ વનમાં તારા જીવનની અંદર સુખમાં અને દુઃખમાં મળી ગઈ છે? અને તેની અંદર આવા પ્રાતઃકાળ, આવા સંધ્યાકાળ, આવી મુગ્ધ રાત્રિ, આવા હૃદયના ખેલ, આવાં સુખ, આવાં મુખ, એ બધાં શું નથી તને એવું દર્શન દેતાં, જેની છબિ રાત્રિદિવસ નિરંતર તારા મનમાં અંકાયલી રહે? માત્ર ઉપકારની જ તને સ્મૃતિ રહેશે? સૌન્દર્યની નહીં, સ્નેહની નહીં, બીજા કશાની નહીં?

कच – સ્મૃતિપટ પર બીજું ગૂંથાયલું છે તે પ્રકટ થાય તેવું નથી, સખી. અન્તરની અંદર જે રકત બનીને વહે છે તેને હું બહાર કેમ દેખાડી શકું?

देवयानी – જાણું છું, સખા. મારા હૃદયના પ્રકાશમાં તારા હૃદયનો ચમકાર કેટલીયે વાર જોયો છે, જાણે ફકત નયનના એક પલકારામાં. તેથી જ આજે કરે છે આટલી ધૃષ્ટતા આ રમણી. ત્યારે તું રહી જાને, રહી જાને,

શું જાય છે? યશના ગૌરવમાં સુખ નથી. આ વેણુમતીતીરે આપણે બે, બીજું બધું ભૂલી, આપણાં વિશ્રબ્ધ, મુગ્ધ હૈયાં આ નિર્જન વનચ્છાયા સાથે મેળવી દઈ, અભિનવ સ્વર્ગલોક રચીશું. સખા, સમજી ગઈ છું હું તારું અન્તર.

कच – નહીં, નહીં, દેવયાની.

देवयानी – નહીં, જવા દે તારું જૂઠાણું! તારું હૈયું શું મેં જોઈ લીધું નથી? તું જાણતો નથી શું કે પ્રેમ અન્તર્યામી છે? ખીલેલું પુષ્પ પલ્લવમાં ઢંકાઈ રહે પણ તેની વાસ તે ક્યાં છુપાવશે? કેટલીયે વાર જ્યારે તેં મુખ ઊંચું કર્યું છે, મારી તરફ જોયું છે, મારો કંઠસ્વર સાંભળ્યો છે ત્યારે રોમેરોમમાં તારું હૈયું હલમલી ઊઠ્યું છે – હીરો અને તેનો પ્રકાશ બધે ઝગી ઊઠે તેમ, તે શું મેં જોયું નથી? મિત્ર હવે તું મારી આગળ બન્દી થઈ પડ્યો છે. એ બંધન તોડવાનું નથી તારું ગજું. ઇન્દ્ર હવે તારો ઇન્દ્ર નથી.

कच – શુચિસ્મિતે, સહસ્ર વર્ષ સુધી આ દૈત્યપુરીમાં મેં સાધના કરી છે તે શું આ માટે?

देवयानी – કેમ નહીં? શું વિદ્યાને માટે જ માત્ર લોકો દુનિયામાં કષ્ટ વેઠે છે? રમણીને માટે કોઈ નરે મહાતપ કર્યું નથી? પત્નીવર માગવા માટે તપતીની આશાએ નથી કર્યું શું સંવરણે પ્રખર સૂર્ય સામે આકાશમાં જોઈ રહેવાનું કઠોર અનશન વ્રત? હાય, વિદ્યા જ માત્ર દુર્લભ? અને પ્રેમ શું આટલો સુલભ? સહસ્ર વર્ષ સુધી તેં સાધના કરી છે તે શા ધનને માટે તે તું પોતે જ જાણતો નથી. એક તરફ વિદ્યા, એક તરફ હું – કોઈ વાર મને, કોઈ વાર તેને તેં સોત્સુક નીરખી છે. બન્નેની યત્નપૂર્વક ગુપ્ત આરાધનામાં તારું મન ડામાડોળ થયું છે. આજ અમે બન્ને એકે દિવસે સ્વીકારને અર્થે આવ્યા છીએ. બેમાંથી જે જોઈએ તે પસંદ કરી લે, સખા. તું કદી સરલ સાહસથી બોલશે, "નથી વિદ્યામાં સુખ, નથી યશમાં સુખ, દેવયાની, મૂર્તિમાન સિદ્ધિ તું જ માત્ર છે, તને જ કરું છું પસંદ," – તો એમાં કાંઈ ક્ષતિ નથી, કાંઈ લજ્જા નથી. રમણીનું મન પણ, સખા, છે સહસ્ર વર્ષની સાધનાનું ધન.

कच – પ્રતિજ્ઞા લીધી છે દેવોની સમક્ષ, હે શુભે, કે સંજીવની વિદ્યા

પ્રાપ્ત કરી દેવલોકમાં પાછો ફરીશ. તેથી જ અહીં આવ્યો છું. એ પ્રતિજ્ઞા નિરંતર મારા મનમાં જાગ્રત રહી છે. તે મારી પ્રતિજ્ઞા આજ પૂર્ણ થઈ છે. આટલે સમયે આ જીવન કૃતાર્થ થયું છે. આજે કાંઈ સ્વાર્થની કામના રહી નથી.

देवयानी – જા જા જુઠા! માત્ર વિદ્યાને જ ઇચ્છી હતી? ગુરુગૃહે આવીને તેં માત્ર વિદ્યાર્થી તરીકે જ તું રહ્યો હતો? રાતદિવસ શાસ્ત્રગ્રંથમાં દૃષ્ટિ રાખી, કેવળ અધ્યયનમાં લીન રહ્યો હતો? બીજી સર્વ વસ્તુઓ પ્રતિ ઉદાસીન રહ્યો હતો? તો પછી અધ્યયનશાળા છોડીને, વનવનાન્તરે ફરીને, પુષ્પ ગૂંથી માળા બનાવી, સહાસ્ય પ્રફુલ્લવદને શું કામ આ વિદ્યાહીણીને આણી આપતો? એ તારું કઠોર વ્રત કે? એ તારા વિદ્યાર્થીના ચાળા કે? પ્રભાતે અધ્યયનમાં હોય ત્યારે, હું હાથમાં ખાલી છાબ લઈ, આવીને હસતી ઊભી રહેતી ત્યારે તું શું કામ પુસ્તક છોડીને ઊઠી આવતો અને ઝાકળભીનાં ખીલેલાં પુષ્પોથી મારું પૂજન કરતો? સાંજને વખતે હું ઝાડના કયારાને પાણી પાતી ત્યારે મને થાકેલી જોઈ શું કામ દયા લાવીને પાણી લાવી આપતો? શું કામ તારો પાઠ છોડીને મારાં હરણશિશુઓનું તું પાલન કરતો? સ્વર્ગમાંથી જે સંગીત શીખી લાવેલો હતો તે શું કામ મને સુણાવતો – સંધ્યા જયારે શાન્તિમાં, સ્નેહે ઢળેલાં નયનોની સ્નિગ્ધ છાયાવાળો, દીર્ઘ પલ્લવનાં જેવો અંધકાર નદીતીરે ઢાળતી ત્યારે? વિદ્યા લેવા આવીને મારું હૃદય શું કામ હરી લીધું સ્વર્ગની ચાતુરીજાળે? હવે મને ખબર પડે છે કે મને વશ કરીને મારા પિતાના હૃદયમાં પ્રવેશ કરવા તું ચાહતો હતો, – અને હવે કૃતકાર્ય થઈને જવું છે ભાઈને, મને થોડી કૃતજ્ઞતા આપીને; – રાજદ્વારે મનોરથ પૂરા થાય એટલે ગરજુ માણસ પ્રતિહારીના હાથમાં આનંદથી બેચાર મુદ્રા આપીને જાય તેમ!

कच – અરે, માનિનિ! સાચી વાત સાંભળ્યે તને શું સુખ થનારું છે? ધર્મ સાક્ષી છે, હું ઠગબાજી કરતો નથી. અકપટ હૃદયે આનંદિત મને તારો સંતોષ સાધ્યો છે. તારી સેવા કરતાં કાંઈ દોષ થયો હશે તો તેની સજા હવે મને વિધિએ દઈ દીધી છે. મારા મનમાં હતું કે એ વાત કદી નહીં કહું. બોલ, એ વાત જાણ્યે શું થશે, જે વાત સાથે ત્રિભુવનમાં કોઈને લેવાદેવા નથી, જે માત્ર કેવળ મારી પોતાની જ વાત છે? હું

... કાર્ય
... મન સ્વર્ગ જેવું નહીં લાગે, દૂર જંગલમાં મારું મન ઘવાયલા હરણની માફક ફટકી મરશે, મારા દાઝેલા અંતઃકરણમાં, સહુ કાર્યની અંદર ચિરતૃષ્ણા જાગ્રત રહેશે– છતાં તે સુખશૂન્ય સ્વર્ગધામમાં ગયે જ છૂટકો છે. આ સંજીવની વિદ્યા સહુ દેવને અર્પણ કરીને, તેમને નૂતન દેવત્વ આપીશ ત્યારે જ મારું જીવન સાર્થક થશે. મારું સુખ તે પહેલાં હું નથી વિચારવાનો. ક્ષમા કર મને, દેવયાની, મારો અપરાધ ક્ષમા કર.

देवयानी – ક્ષમા ક્યાંથી મારામાં હોય! તેં આ નારીના હૈયાને વજ્રથીયે કઠોર કરી મૂક્યું છે, બ્રાહ્મણ! તું ચાલ્યો જઈશ સ્વર્ગલોકમાં ગૌરવ સાથે, – પોતાના કર્તવ્યના આનંદમાં સહુ દુઃખશોકને પરાસ્ત કરી. પણ મારે કયું કર્તવ્ય છે, મારે કયું વ્રત છે! મારા આ અભાગી નિષ્ફળ જીવનમાં શું રહ્યું હવે? મારે શાનું ગૌરવ? આ જ વનમાં શિર નીચું ઘાલી, નિઃસંગ, એકલી, લક્ષ્યહીણી બેસી રહીશ હું. જ્યાં જ્યાં આંખ ફેરવીશ ત્યાં ત્યાં સહસ્ર સ્મૃતિનાં નિષ્ઠુર કાંટા મને વીંધશે. લજ્જા છાતી નીચે છુપાઈ રહીને મને વારંવાર અતિ ઝેરી ડંખ દેશે. ધિક્ ધિક્, ક્યાંથી તું આવ્યો? અલ્યા નિઃસ્પૃહ પથિક. મારા જીવનની વનચ્છાયા તળે બેસી બે ઘડી વિતાડવાને બહાને, જીવનનાં સુખો–ફૂલની માફક એક એક ચૂંટીને એક સૂત્ર વડે માળામાં ગૂથ્યાં. જતી વેળા તે માળા ગળે નાખવાને બદલે, અતિશય તિરસ્કારથી તે સૂક્ષ્મ સૂત્રને તોડી નાખી એ માળાને છિન્નભિન્ન કરી આ પ્રાણનો સમસ્ત મહિમા ધૂળમાં રોળ્યો. તને આ મારો શાપ છે – જે વિદ્યાની ખાતર મારી તું અવગણના કરે છે, તે વિદ્યા તને પૂરી વશ વર્તશે નહીં; – તું માત્ર તેનો ભારવાહી થઈ રહીશ, ભોગવી શકશે નહીં; શીખવી શકશે, તેનો ઉપયોગ કરી શકશે નહીં.

कच – હું વર આપું છું, દેવી, તું સુખી થજે. ભારે ગૌરવમાં બધો શોક ભૂલી જજે –

Acc. No. 130427
Date 16-9-2010

Library IIAS, Shimla
GJ 891.478 D 451 C
00130427

SABARMATI ASHRAM
001830 Ahmedabad
CHITRANGADA ANE
VIDAI-ABHISHAP GUJ.
MRP:Rs.3